dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 118 | AD - 2026, Maha Sud - 02 | Monday, Dt. 03-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**સ્પીકર ઓમ બિરલાએ ગૃહ સંમેલનો અને નિયમોનો ઉલ્લેખ કરીને રાહુલને ચેતવણી આપી કે અપ્રકાશિત તથ્યોનો લોકસભામાં ઉલ્લેખ કરી શકાતો નથી**

# પૂર્વ આર્મી ચિફના પુસ્તકને લઈ લોકસભામાં સરકાર અને વિપક્ષ સામ-સામે

નવીદિલ્હી,તા. ૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કર્યો હતો, જેના પર સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને ગૃહ પ્રધાન અમિત શાહે સખત વાંધો ઉઠાવ્યો હતો. સ્પીકર ઓમ બિરલાએ ગૃહ સંમેલનો અને નિયમોનો ઉલ્લેખ કરીને રાહુલને ચેતવણી આપી હતી કે અપ્રકાશિત તથ્યોનો લોકસભામાં ઉલ્લેખ કરી શકાતો નથી. રાહુલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં ભાગ લઈ રહ્યા હતા.

આ ચર્ચા દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે વાંધો ઉઠાવ્યો હતો, અને તેમને ગૃહને ગેરમાર્ગે ન દોરવા કહ્યું હતું. રાહુલ ગાંધીએ ગૃહમાં એક અપ્રકાશિત પુસ્તકમાંથી અવતરણો ટાંક્યા હતા, જે ગૃહના નિયમોની વિરુદ્ધ છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે તેમનો સ્ત્રોત વિશ્વસનીય હતો અને તેમાં ભૂતપૂર્વ આર્મી જનરલના અપ્રકાશિત સંસ્મરણોમાંથી અવતરણોનો સમાવેશ થાય છે. આ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ રાહુલ ગાંધીને નિયમોનું પાલન કરવા વિનંતી કરી. બિરલાએ કહ્યું કે સંસદ નિયમો અને પરંપરાઓ અનુસાર કાર્ય કરે છે.

હકીકતમાં, લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ શરૂ કરતાની સાથે જ હોબાળો મચી ગયો. રાહુલ ગાંધીએ પોતાના ભાષણની શરૂઆત એમ કહીને કરી, 'આ ભૂતપૂર્વ આર્મી ચીફ એમએમ નરવણેનું પુસ્તક છે. 'તમે બધાએ હું જે વાંચી રહ્યો છું તે ધ્યાનથી સાંભળવું





જોઈએ. આનાથી ખબર પડશે કે કોણ દેશભક્ત છે અને કોણ નથી.આનાથી સંસદમાં ભારે હોબાળો મચી ગયો.

રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં વધુમાં જણાવ્યું હતું કે ડોકલામમાં ચાર ચીની ટેંક ભારતીય ક્ષેત્ર તરફ આવી રહ્યા હતા. તે ફક્ત ૧૦૦ મીટર દૂર હતા. રાહુલ ગાંધીએ આ કહ્યું કે તરત જ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વાંધો ઉઠાવ્યો અને હસ્તક્ષેપ કરવા માટે પોતાની બેઠક પરથી ઉભા થઈને કહ્યું કે અપ્રકાશિત પુસ્તકોનો ઉલ્લેખ ગૃહમાં નથી. પોતાના નિવેદનમાં તેમણે કહ્યું કે રાહુલ ગાંધી ગૃહને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ગૃહ પ્રધાન અમિત શાહે પણ વાંધો ઉઠાવ્યો, કહ્યું કે સંસદમાં કોઈ અપ્રકાશિત પુસ્તકનો ઉલ્લેખ કરી શકાતો નથી.


લોકસભામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, હું ઈચ્છું છું કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા (રાહુલ ગાંધી) ગૃહ સમક્ષ તે પુસ્તક રજૂ કરે જેમાંથી તેઓ ટાંકી રહ્યા છે, કારણ કે તેઓ જે પુસ્તકનો ઉલ્લેખ કરી રહ્યા છે તે પ્રકાશિત થયું નથી. ત્યારબાદ, ચીનનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીના સમર્થનમાં બોલતા, સપા સાંસદ અખિલેશ યાદવે કહ્યું, ચીન સંબંધિત મુદ્દો ખૂબ જ સંવેદનશીલ છે. લોકસભામાં વિપક્ષના નેતાને બોલવાની છૂટ આપવી જોઈએ. આ દરમિયાન, લોકસભામાં, કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રીએ કહ્યું, સ્પીકરે ચુકાદો આપ્યો છે કે ગૃહમાં મેગેઝિન અથવા અખબારના લેખો ટાંકવામાં આવી શકતા નથી. ગૃહમાં ચર્ચા કાયદા અનુસાર થવી જોઈએ. ગૃહમાં ચાલી રહેલા હોબાળા વચ્ચે, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, 'વિપક્ષના નેતા તરીકે, તમે ગૃહમાં આરોપો લગાવી રહ્યા છો અને નિયમોનું પાલન કરી રહ્યા નથી.' આ યોગ્ય નથી. જેના જવાબમાં રાહુલ ગાંધીએ જવાબ આપ્યો, સ્પીકર સાહેબ, કૃપા કરીને મને કહો કે મારે શું કહેવું જોઈએ.

જેના જવાબમાં ઓમ બિરલાએ જવાબ આપ્યો, 'હું તમારો સલાહકાર નથી, પરંતુ સ્પીકર તરીકે, મારી જવાબદારી છે કે હું ખાતરી કરું કે ગૃહ નિયમો અનુસાર ચાલે અને ચર્ચાઓ નિર્ધારિત વિષયો સુધી મર્યાદિત રહે.'

# ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો : જમ્મુ-કાશ્મીર, હિમાચલમાં ફરી હિમવર્ષા શરૂ

શ્રીનગર,તા.૦૨

ઉત્તર ભારતના હવામાનમાં બદલાવ જોવા મળ્યો છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં ફરીથી હિમવર્ષા અને વરસાદ પડ્યો છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં રવિવારે વરસાદ સાથે કરા પડ્યા હતા.યુપીના ૧૫ જિલ્લામાં વરસાદ અને મુઝફ્ફરનગર સહિત ૪ જિલ્લામાં કરા પણ પડ્યા. જ્યારે રાજસ્થાનમાં રવિવારે બપોર પછી કોટા, ચિત્તોડગઢમાં કરા પડ્યા. મધ્ય પ્રદેશના નીમચ અને



મંદસૌર જિલ્લાના ઘણા ભાગોમાં વરસાદ થયો અને કરા પડ્યા. કરા પડવાથી ખેતરોમાં ઉભેલા પાકને નુકસાન થયું છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામ અને કાઝીગુંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં રવિવારે હિમવર્ષા થઈ. જ્યારે શ્રીનગર સહિત દક્ષિણ કાશ્મીરના ઘણા ભાગોમાં વરસાદ થયો. ગુલમર્ગ સૌથી ઠંડો વિસ્તાર રહ્યો, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગંગોત્રી-યમુનોત્રી ધામમાં રવિવારે હિમવર્ષા શરૂ થઈ ગઈ છે. .હિમાચલ પ્રદેશમાં પણ રવિવારે બરફવર્ષા-વરસાદ થયો. સિમલા જિલ્લાના શિલારુ અને કુલ્લુના કોઠીમાં ૫ સેન્ટિમીટર બરફવર્ષા થઈ. જ્યારે મનાલીમાં સૌથી વધુ ૧૦ મિલીમીટર વરસાદ થયો. રાજ્યનું સૌથી ઓછું તાપમાન લાહૌલ-સ્પીતિના તાબો ગામમાં માઈનસ ૩.૬ ડિગ્રી નોંધાયું હતુ.નાણા મંત્રી નિર્મલા સીતારમણે રવિવારે કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૨૬-૨૭ માટે બજેટ રજૂ કર્યું. બજેટમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ઘણી જાહેરાતો થઈ.

# ગુજરાતના દ્વારકા સહિત દેશના ૫૦ શહેરોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્લ્ડ ક્લાસ લેવલનું બનાવાશે

ન્યૂ દિલ્હી,તા.૦૨

નાણા મંત્રીની જાહેરાત મુજબ દેશના ૫૦ શહેરોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્લ્ડ ક્લાસ લેવલની જેમ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે તૈયાર કરવામાં આવશે. તેનો હેતુ ભારતને ઓલ-સીઝન ડેસ્ટિનેશન અને ગ્લોબલ ટુરિસ્ટ-હબ બનાવવાનો છે.

આ યોજનાની મદદથી એક એવી ઈકોસિસ્ટમ તૈયાર થઈ જશે, જેનાથી ટિયર ૨-૩ શહેરો અને ગામડાઓની અર્થવ્યવસ્થા



મજબૂત થશે. આનાથી દેશનું ફોરેક્સ રિઝર્વ પણ વધશે, સાથે જ સાંસ્કૃતિક ઓળખ મજબૂત થશે.મંદિરોના શહેર તરીકે ઓળખાતા શહેરોમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની જરૂરિયાત મુજબ મૂળભૂત સુવિધાઓ વિકસાવવામાં આવશે. આમાં ઉત્તર પ્રદેશના વારાણસી અને મથુરા, જમ્મુ-કાશ્મીરનું જમ્મુ, ઉત્તરાખંડના ઋષિકેશ અને હરિદ્વાર જેવા શહેરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. દક્ષિણમાં તમિલનાડુના મદુરાઈ અને કાંચીપુરમ, કર્ણાટકનું હમ્પી, આંધ્ર પ્રદેશનું તિરુપતિ, ઓડિશાનું ભુવનેશ્વર અને પુરીનો વિકાસ કરવામાં આવશે.

આ ઉપરાંત, આ યાદીમાં પશ્ચિમ બંગાળનું બિશ્નુપુર, મધ્ય પ્રદેશનું ઉજ્જૈન અને ખજુરાહો, ગુજરાતનું દ્વારકા અને મહારાષ્ટ્રનું પંઢરપુર સામેલ હશે.

**આની સીધી અસર એવા રોકાણકારો પર પડશે જેઓ ડિવિડન્ડ ચૂકવતા શેરો અથવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે ભંડોળ ઉધાર લે છે**

# દેવા સાથે રોકાણ કરવું વધુ મોંઘુ થશે, સરકાર કર નિયમોમાં કરશે ફેરફારો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા. ૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રવિવાર, ૧ ફેબ્રુઆરીના રોજ દેશના બજેટ રજૂ કરતી વખતે શેરબજારના રોકાણકારો માટે એક મોટો ફેરફાર પ્રસ્તાવિત કર્યો હતો. આની સીધી અસર એવા રોકાણકારો પર પડશે જેઓ ડિવિડન્ડ ચૂકવતા શેરો અથવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે ભંડોળ ઉધાર લે છે. આ નવી દરખાસ્ત હાલના કર લાભને દૂર કરશે જે રોકાણકારોને આવા




ઉધાર પર ચૂકવવામાં આવતા વ્યાજ પર કપાતનો દાવો કરવાની મંજૂરી આપતી હતી. વર્તમાન નિયમો હેઠળ, કરદાતાઓ તેમની આવકમાંથી આવી ... પર ચૂકવવામાં આવતા વ્યાજનો ચોક્કસ ભાગ કાપી શકે છે, જેનાથી તેમની કરપાત્ર આવક ઓછી થાય છે અને પરિણામે કર ચૂકવવાપાત્ર ઓછો થાય છે. આ રાહત ખાસ કરીને એવા રોકાણકારો માટે મહત્વપૂર્ણ હતી જેમણે આવક-ઉત્પાદક પોર્ટફોલિયો બનાવવા માટે ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ કર્યો હતો. જો કે, હવે આ બદલાવાની તૈયારી છે. બજેટ દસ્તાવેજોમાં જણાવાયું છે કે, "એવું પ્રસ્તાવિત છે કે ડિવિડન્ડ આવક અથવા મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સમાંથી થતી આવકના સંબંધમાં થતા કોઈપણ વ્યાજ ખર્ચ પર કોઈ કપાતની મંજૂરી આપવામાં આવશે નહીં, અને ચોક્કસ મર્યાદાને આધીન આવી કપાતને મંજૂરી આપતી હાલની જોગવાઈ દૂર કરવામાં આવશે."આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ ની કલમ ૯૩ ની વર્તમાન જોગવાઈઓ હેઠળ, રોકાણકારોને વ્યાજ ખર્ચ કપાત તરીકે દાવો કરવાની છૂટ છે, પરંતુ કુલ ડિવિડન્ડ અથવા મ્યુચ્યુઅલ ફંડ આવકના માત્ર ૨૦% સુધી. ઉદાહરણ તરીકે, જો કોઈ રોકાણકાર ડિવિડન્ડ આવકમાં રૂ. ૧૦૦,૦૦૦ કમાય છે અને ઉધાર લીધેલા ભંડોળ પર રૂ. ૨૫,૦૦૦ વ્યાજ ચૂકવે છે, તો માન્ય કપાત રૂ. ૨૦,૦૦૦ સુધી મર્યાદિત છે, જે ડિવિડન્ડ આવકના ૨૦% છે. આ પદ્ધતિએ રોકાણકારોને આંશિક કર રાહત પૂરી પાડી હતી જેમણે ઈક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડમાંથી આવક પેદા કરવા માટે ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ કર્યો હતો.

# આંધ્રના વિજયવાડા જિલ્લામાં ટીડીપીના પૂર્વ મંત્રીના ઘર પર લોકોએ તોડફોડ કરી

વિજયવાડા,તા. ૨

આંધ્રપ્રદેશના વિજયવાડા જિલ્લાના ઈબ્રાહિમપટ્ટનમ વિસ્તારમાં રવિવારે ભૂતપૂર્વ ટીડીપી મંત્રી જોગી રમેશના ઘર પર હુમલો કરવામાં આવ્યો. મોટી સંખ્યામાં લોકોએ તેમના ઘરોમાં તોડફોડ કરી, સામાન તોડી નાખ્યો અને ઘરના કેટલાક ભાગોમાં આગ લગાવી દીધી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો. સ્થાનિકોના મતે, આ હુમલો આકસ્મિક નહોતો પરંતુ સુનિયોજિત હતો. વાયએસઆર કોંગ્રેસ પાર્ટીનો આરોપ છે કે જોગી રમેશને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યા હતા કારણ કે તેઓ એક જાણીતા ઓબીસી (પછાત વર્ગ) નેતા છે. આ ઘટના એક દિવસ પહેલા પૂર્વ મંત્રી અંબાતી રામબાબુના ઘર અને ઓફિસ પર પણ હુમલો થયા બાદ બની છે. એવો આરોપ છે કે ટીડીપી કાર્યકરોએ તેમના ઘર પર તોડફોડ કરી આગ લગાવી હતી. દરમિયાન, મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવાના આરોપમાં અંબાતી રામબાબુને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. વાયએસઆરસીપી નેતાઓએ જણાવ્યું હતું કે આ સતત હુમલાઓ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રશ્નો ઉભા કરે છે.



# 'એસસી/એસટી કાયદા સામનો વિરોધ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે : અલંકાર અગ્નિહોત્રીની જાહેરાત

વારાણસી,તા.૦૨

અલંકાર અગ્નિહોત્રીએ કેન્દ્ર સરકારની નીતિઓનો, ખાસ કરીને એસસી એસટી કાયદા અને પ્રસ્તાવિત યુજીસી નિયમોનો સખત વિરોધ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ૧૯૮૯માં લાગુ કરાયેલ એસસી એસટી કાયદો દેશનો સૌથી મોટો કાળો કાયદો છે. આ કાયદા હેઠળ દાખલ થયેલા લગભગ ૯૫ ટકા કેસ ખોટા છે, જેના કારણે સમાજના એક મોટા વર્ગને માનસિક, સામાજિક અને આર્થિક હેરાનગતિનો સામનો કરવો પડે છે.



અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ની નવી માર્ગદર્શિકા પર સ્ટે મૂકવામાં આવ્યો હોવા છતાં, મોટો મુદ્દો એસસી એસટી કાયદાને રદ કરવાનો છે, અને કહ્યું હતું કે જો તેને ૬ ફેબ્રુઆરી સુધીમાં પાછો ખેંચવામાં નહીં આવે તો કેન્દ્ર સરકારને ઉથલાવી દેવામાં આવશે.




### સામાન્ય જનતાને દેખાતા દારૂના હાટડા પોલીસને દેખાતા નથી કે અન્ય કોઈ કારણ? લોકોમાં સવાલ

# બગસરાની ગલીઓ 'મધુશાળા' બની, ઠેર-ઠેર દારૂના હાટડા

## દારૂના બાંચકા બગસરા પહોંચે છે અને પોલીસ સ્ટેશનની નજીક જ કટીંગ થતુ હોવાની ચર્ચા


તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૦૨

બગસરા શહેરમાં હાલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. શહેરમાં જાણે દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ શેરીએ-ગલીએ દેશી દારૂના હાટડા ધમધમી રહ્યા છે. લોકોમાં ચર્ચા છે કે હવે પ્યાસીઓને દીવ જવાની જરૂર નથી, કારણ કે બુટલેગરોએ બગસરાના ખૂણે-ખૂણે 'બાર' જેવો માહોલ ઉભો કરી દીધો છે. શહેરના અમરપરા, પાળા પાસે, રેલવે સ્ટેશન, હુડકો વિસ્તાર અને અમરેલી રોડ જેવા મુખ્ય વિસ્તારોમાં બુટલેગરોએ સરકારી જમીનો પર દબાણ કરી દીધું છે. પાનના ગલ્લાની આડમાં ચાલતા આ દારૂના અડ્ડાઓ પર નશાખોરોની ભીડ જામતી હોય છે. આશ્ચર્યની વાત એ છે કે સામાન્ય જનતાને દેખાતા આ અડ્ડાઓ પોલીસને કેમ દેખાતા નથી? શું પોલીસ ખરેખર અજાણ છે કે પછી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે? વધુ પડતી અવરજવર વાળા વિસ્તારોમાં દારૂનું વેચાણ થતું હોવાથી રાહદારીઓ, ખાસ કરીને મહિલાઓ અને બાળકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દારૂ પીધા પછી બેફામ બનેલા પ્યાસીઓ રસ્તા પર ધમાલ મચાવે છે અથવા નશામાં ધુત થઈને રોડ પર જ સુતેલા જોવા મળે છે. જેના કારણે ભયનું વાતાવરણ સર્જાયું છે.આ બાબતે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી પરંતુ હપ્તાઓના દબાણ નીચે દબાયેલી પોલીસ બુટલેગરો સામે આંખ આડા કાન કરી રહી છે.

### થોડા સમય માટે દારૂ બંધ થયા બાદ ફરી દારૂનું ધૂમ વેચાણ

બગસરા શહેરમાં થોડા દિવસો પહેલા દારૂ મળતો સદંતર બંધ થઈ જતા પ્યાસીઓ બેબાકળા બની ગયા હતા. લોકોએ પણ પોલીસની કડક કામગીરીને વખાણી હતી પરંતુ હાલ શહેરમાં ગલી ખુણે બેફામ દારુનુ વેચાણ થઈ રહ્યુ છે.

### પોલીસ સ્ટેશનથી માત્ર ૧૦૦ મીટર જ દૂર દારૂનુ કટીંગ

લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ પોલીસ સ્ટેશનથી માત્ર ૧૦૦ મીટર દૂર પંખીઘર શાળા પાસે, મહાદેવના મંદિર નજીક દેશી દારૂની કટીંગ થઈ રહ્યુ છે. બાવળની કાંટમાં દેશી દારૂની પુષ્કળ પ્રમાણ કોથળીઓ જોવા મળી રહી છે. મંદિર અને શાળા નજીક દેશી દારૂનું કટીંગ થતુ હોવાથી સનાતનીઓમાં ભારે આક્રોશ છે તો વાલીઓમાં પણ રોષ ફેલાયો છે. જો બગસરામાં દેશી દારૂનું વેચાણ બંધ નહી થાય તો જાગૃત નાગરિકો દ્વારા સ્ટેટ મોનીટરીંગ સેલને જાણ કરી કાર્યવાહી કરવાની ચિમકી આપી છે.

### બોટાદ લઠ્ઠાકાંડ બાદ પણ પોલીસ ન સુધરી

થોડા વર્ષ પહેલા બોટાદમાં દેશી દારૂ પીવાથી અનેક મોત થયા હતા જેથી રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરી દેશી દારૂના અડ્ડા બંધ કરાવી દીધા હતા. જો કે સમય જતા પોલીસની ઉપરની આવક બંધ થઈ રાજ્ય સરકારને અંધારામાં રાખી ફરી છાનેખૂણે દેશી દારૂનું વેચાણ શરૂ કરવા માટે બુટલેગરોને લીલીઝંડી આપી હતી અને હવે 'હપ્તો' વધારી બુટલેગરોને છડે ચોક દારૂ વેચવાની મંજૂરી આપી દીધી હોય તેમ છડે ચોક દેશી દારૂ વેચાઈ રહ્યો છે.

### પ્યાસીઓ પકડાય છે બુટલેગરો પકડાતા નથી

બગસરા શહેરમાં દેશી દારૂનુ ધૂમ વેચાણ થઈ રહ્યુ છે ત્યારે પોલીસ માત્ર દારૂડીયાઓને પકડી કામગીરી કરવાનો સંતોષ માને છે પરંતુ દારૂ ક્યાથી આવે છે તેની કોઈ તપાસ કરવામાં આવતી નથી. પોલીસ બુટલેગરોને છાવરતી હોવાથી બુટલેગરો બેરોકટોક દેશી દારૂ શહેરમાં ઘુસાડી રહ્યા છે.

### પીઆઈ,પીએસઆઈ હોવા છતાં દારૂડીયા સામે કોઈ કામગીરી નહી

બગસરા પોલીસ સ્ટેશનમાં પીઆઈની સાથે પીએસઆઈ પણ ફરજ બજાવે છે. આમ છતાં પોલીસ પેટ્રોલીંગ યોગ્ય રીતે ન થતુ હોવાથી બુટલેગરો પોલીસનો કંઈ જ ડર વગર બેફામ દારૂ વેચી રહ્યાં છે. પીઆઈ, પીએસઆઈ ધરાવતું પોલીસ સ્ટેશન ' ભગવાન' ભરોસે ચાલી રહ્યુ છે. પોલીસની જો આવી ઢીલી નિતી રહી તો શહેરનની તમામ ગલીઓમાં દેશી દારૂના અડ્ડા ધમધમવા લાગશે.

# લાઠી ખાતે ટ્રાફિક પોલીસ અને ARTO દ્વારા રોડ સેફ્ટી લગત કાર્યક્રમ યોજાયા

અમરેલી,તા.૦૨

શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન' જિલ્લા ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ અમરેલી દ્વારા રોડ સેફ્ટીની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. જેમાં જનજાગૃત્તિ વધારવાના પ્રયત્નો સામેલ છે. લાઠી સ્થિત ગાયત્રી કોલેજ ખાતે રોડ સેફ્ટી લગત કાર્યક્રમ યોજાયો હતો. વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને હેલ્મેટ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સીટ બેલ્ટ પહેરવો, વાહન ઈન્સ્યોરન્સ અને પી.યુ.સી સહિતના સર્ટિફિકેટ સાથે રાખવા, ઓવર સ્પીડ કરવી નહીં, ઓવરટેક વખતે ધ્યાન રાખવું, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, હોર્ન કે ઈન્ડીકેટરનો ઉપયોગ કરવો સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી અને લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

### તમને જીવતા રહેવા દેવા નથી તેમ પણ કહ્યું

# અમરેલીમાં કૂતરાને માર મારવાની ના પાડતા પડોશીએ મહિલાની છેડતી સાથે હુમલો કર્યો

## બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૦૨

શહેરમાં પશુ પ્રત્યેની ક્રૂરતા અટકાવવા ગયેલા એક પરિવાર પર પડોશીઓએ જીવલેણ હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. શેરીના કૂતરાને માર મારવાની ના પાડવા જેવી સામાન્ય બાબતે પાંચ શખ્સોએ એકસંપ થઈ મહિલા અને તેના સંતાનોને પાઈપ તથા વાયર વડે ઢોર માર માર્યો હતો. આ અંગે ફાલ્ગુનીબેન ભાવેશભાઈ ખોરાસીયા (ઉ.વ.૨૭)એ મહેશભાઈ ચાવડા, મહેશભાઈ ચાવડાના પત્નિ, મહેશભાઈ ચાવડાનો દિકરો, અજાણ્યા ચાર માણસો તથા અજાણયો કાળો શર્ટ પહેરેલ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી.ઘટનાની વિગત મુજબ, ફરિયાદીની સોસાયટીમાં રહેતો આરોપી મહેશભાઈ ચાવડા શેરીના કૂતરાને કેબલ વાયરથી નિર્દયતાપૂર્વક મારી રહ્યો હતો. આ જોઈને ફરિયાદીના માતાએ પશુને મારવાની ના પાડી હતી. આ વાત આરોપીને ન ગમતા તેણે ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી શરૂ કરી હતી અને ફરિયાદી તથા તેના માતાને કેબલ વાયર વડે માર માર્યો હતો. ત્યારબાદ અન્ય તમામ આરોપીઓ પણ એકસંપ થઈ ત્યાં દોડી આવ્યા હતા. આરોપી નંબર ૩ લોખંડનો પાઈપ લઈને આવ્યો હતો. તમામ શખ્સોએ ફરિયાદી અને તેના માતાને આડેધડ માર માર્યો હતો. હુમલા દરમિયાન તેના ભાઈને પછાડી દઈને આરોપીઓએ લોખંડના પાઈપથી માર માર્યો હતો. એક આરોપીએ તેની છેડતી કરી હતી, જ્યારે અન્ય આરોપીએ તેને ઢસડી હતી અને તેનું ટી-શર્ટ ફાડી નાખ્યું હતું. આરોપીઓએ "તમને જીવતા રહેવા દેવા નથી" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ મહેશભાઈ જગાભાઈ ચાવડા (ઉ.વ.૫૪) એ પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમના ભાઈને ત્યાંથી ટીફીન લઈને ઘરે જતા હતા ત્યારે શેરીના કૂતરાઓ તેમની પાછળ દોડતા હતા. જેથી તેમણે કૂતરા ભગાડવા વાયર કાઢ્યો હતો. આોપીએ તેમને હુ બેઠો હોય ત્યા સુધી કૂતરાઓને ભગાડાય પણ નહી તેમ કહ્યું હતું. જેથી તેઓ તેમનું ટીફીન ઘરે મુકી ફરીવાર કૂતરાઓ ભગાડવા માટે જતા આરોપીઓએ આવી તેમને તમારો ઈલાજ કરવો પડશે તેમ કહી ફટકાર્યા હતા.

ઉપરાંત તેમના પત્નિના વાળ પકડી શેરીમાં પછાડી દઈ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ કરી હતી.

# રાજુલામાં કેન્સર જાગૃતિ માટે 'વોકેથોન' યોજાઈ, સ્કાઉટના વિદ્યાર્થીઓનું ગોલ્ડ મેડલ આપી બહુમાન



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૨

સમાજમાં કેન્સર જેવી ગંભીર બીમારી પ્રત્યે જાગૃતિ આવે અને લોકો વ્યસનમુક્ત બને તેવા ઉમદા હેતુ સાથે રાજુલા શહેરમાં ભવ્ય 'કેન્સર અવેરનેસ વોકેથોન'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ અમરેલી જિલ્લા સંઘ, સ્પર્શ કેન્સર કેર, ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અને બિમ્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.આ વોકેથોનમાં રાજુલા તાલુકાની કોવાયા પ્રાથમિક શાળા (શહીદ ભગતસિંહ સ્કાઉટ ટ્રુપ) અને શ્રી ચારોડિયા પ્રાથમિક શાળા (સુભાષચંદ્ર બોઝ સ્કાઉટ ટ્રુપ) ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે પી.આઈ. કોલાદરાએ વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવ્યો હતો અને સામાજિક જવાબદારી નિભાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ દ્વારા અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રાકૃતિક નિદર્શન એકમની મુલાકાત



અમરેલી,તા.૦૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ. વી.પી. ચોવટીયાએ તા. ૩૦/૦૧/૨૦૨૬ના રોજ અમરેલી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પ્રાકૃતિક નિદર્શન એકમ તેમજ પ્રાકૃતિક ખેતી માટેના પંચસ્તરીય મોડેલનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાતમાં કુલપતિ સાથે વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એન. બી. જાદવ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એચ. સી. છોડવડીયા, જિલ્લા ખેતીવાડી અધિકારી જે. કે. કાનાણી, એ.આર.એસ. અમરેલીના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. વી.એન. ગોહિલ તેમજ તરઘડીયા, નાનાકાધાસર અને અમરેલી કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ તબક્કે કુલપતિએ ખેડૂતોને ઉપયોગી સલાહ આપતા જણાવ્યું હતું કે, ચણાની નવીન જાત 'જીજી-૮' ની કાપણી ખેડૂતો હવે મિકેનિકલ કંબાઈન્ડ હાર્વેસ્ટર વડે પણ કરાવી શકશે.

# સાવરકુંડલામાં અમરેલી જિલ્લા પોલીસ અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'સાયબર સુરક્ષા' સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા.૦૨

આજના ડિજિટલ યુગમાં વધતા જતા સાયબર ગુનાઓને રોકવા અને નાગરિકોમાં જાગૃતિ લાવવાના હેતુથી અમરેલી જિલ્લા પોલીસ અને ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલામાં 'સાયબર અવેરનેસ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાર્થના હોલ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી રાજુભાઈ શીંગાળા દ્વારા ડી.વાય.એસ.પી. ગોરડિયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલા ટાઉન પી.આઈ. કુંગાસીયા અને રૂરલ પીઆઈ ચૌધરી સહિતનો પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સેમિનારના મુખ્ય વક્તા તરીકે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથકના પી.આઈ. જે. એમ. કડછા અને ડી.વાય.એસ.પી. ગોરડિયાએ વેપારીઓને ઓનલાઈન છેતરપિંડી વિશે માહિતી આપી હતી.






# બગસરા તાલુકામાં ૧૧૦૦થી વધુ મતદારોના નામ કમી કરવા માટે ષડયંત્રની આશંકા

બગસરા, તા.૦૨

બગસરા શહેર તથા તાલુકામાં મતદારયાદીમાંથી ખોટી રીતે મતદારોના નામ કમી કરવા માટે સુનિયોજિત ષડયંત્ર રચાયું હોવાની ગંભીર આશંકા ઊભી થઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે જેમના નામે વાંધા અરજીઓ કરવામાં આવી છે, તેવા અરજદારો પોતે જ આ બાબતથી સંપૂર્ણ અજાણ હોવાનું સામે આવ્યું છે. આ મુદ્દો પ્રકાશમાં આવતા મતદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળેલ વિગતો મુજબ, ફોર્મ નંબર–૭ દ્વારા મતદારયાદીમાંથી અન્ય મતદારોના નામ કમી કરવા માટે બગસરા તાલુકામાં કુલ ૧૧૩૫ અરજીઓ કરવામાં આવી છે. આ અરજીઓમાં મોટાભાગે રાજકીય આગેવાનો, જુના કાર્યકરો તેમજ આવનારી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં સંભવિત ઉમેદવાર તરીકે તૈયારી કરી રહેલા લોકોના નામોનો સમાવેશ થાય છે. બગસરા શહેરમાં અનેક મોટા વેપારીઓના નામ સામે પણ "ગેરહાજર" અથવા "સ્થળાંતર" દર્શાવી નામ કમી કરવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. અરજદારોનો સંપર્ક કરતા તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, તેમણે ક્યારેય કોઈના નામ કમી કરવા અરજી કરી નથી. જેથી ચૂંટણીકાર્ડનો ખોટો ઉપયોગ કરી રાજકીય દ્વેષભાવથી આ સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાની શંકા વધુ ઘેરાઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે નામ કમી કરતા પહેલા અરજદારોની સંપૂર્ણ ચકાસણી અને સરકારી કર્મચારી દ્વારા સ્થળ પર ખરાઈ કરવી અત્યંત જરૂરી છે, નહીંતર અનેક સાચા મતદારો મતાધિકારથી વંચિત થવાની શક્યતા છે.

૧. મોટા મુંજીયાસરના કેતનભાઈ રમેશભાઈ સાંગાણીએ જણાવ્યું હતું કે, "મારા નામે નવ વ્યક્તિના નામ કમી કરવા અરજી થયાની માહિતી મળી છે. મેં આજદિન સુધી આવી કોઈ અરજી કરી નથી. આ અરજીઓ ક્યાંથી આવી તેની ગંભીર તપાસ થવી જોઈએ."
૨. મતદારયાદીમાંથી સૌથી વધુ નામ કમી કરવા માટે મોટા મુંજીયાસરના એક દેવીપુજક પરિવારના નામે અરજીઓ આપવામાં આવી છે. આ અંગે કિશોરભાઈ માથાસુરિયાએ જણાવ્યું હતું કે, ભાજપના એક હોદ્દેદાર દ્વારા તેમના પરિવારના ચૂંટણીકાર્ડના ફોટા મંગાવવામાં આવ્યા હતા અને સહાય મળશે તેમ કહેવામાં આવ્યું હતું.

# ગૌશાળાના શેડ બનાવવાના નામે મોટા માણસા ગામના વેપારી સાથે રૂ. ૫.૦૪ લાખની છેતરપિંડી

જાફરાબાદ, તા. ૦૨

ધર્મના નામે ઠગાઈ કરવાની વધુ એક ઘટના સામે આવી હતી. જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામના એક વેપારી પાસેથી ગૌશાળા બનાવવાનું બહાનું ધરીને લાખો રૂપિયાનું મટીરીયલ મંગાવી નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. આ અંગે વિપુલભાઈ બાબુભાઈ શેખડા (ઉ.વ.૩૭)એ પંકજભાઈ પટેલ નામના વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી.આ બનાવની વિગત એવી છે કે, આરોપીએ તેમનો સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તેને ડેડાણ ગામે ગૌશાળા બનાવવાની છે અને ત્યાં મોટા શેડનું નિર્માણ કરવાનું હોવાથી લોખંડના મટીરીયલની જરૂર છે. આરોપીની વાતોમાં આવી જઈને વેપારીએ મટીરીયલના ભાવ આપ્યા હતા.ત્યારબાદ, ટીંબી હાઈ-વે રોડ, વડલી રોડ પર ભરડીયાની સામે આવેલી 'અંજની સ્ટીલ' નામની દુકાનેથી આરોપીએ અલગ-અલગ સમયે કુલ રૂ. ૫,૦૪,૫૬૩/- નું મટીરીયલ (લોખંડ અને અન્ય સામાન) ભરી લીધું હતું. માલની ડિલેવરી લઈ લીધા બાદ જ્યારે વેપારીએ પોતાના મટીરીયલના રૂ. ૫.૦૪ લાખ માંગ્યા, ત્યારે આરોપીએ આ રકમ ચૂકવવામાં આનાકાની કરી હતી અને અંતે પૈસા આપ્યા નહોતા. ગૌશાળાના નામે વિશ્વાસમાં લઈને આટલી મોટી રકમનો માલ પડાવી લેતા વેપારીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

# લીલીયા ખાતે સિમાજ સમાજમાં પ્રમુખપદ માટે ચૂંટણી યોજાઈ



લીલીયા,તા.૦૨

લીલીયા મોટા ખાતે સિપાઈ સમાજના પ્રમુખ પદ માટે લોકશાહી ઢબે ભવ્ય ચૂંટણી યોજાઈ હતી. યુવાનો અને વડીલો દ્વારા બેલેટ પેપર અને મતકુટીર સાથે સુંદર આયોજન કરાયું હતું. આ રસાકસીભરી જંગમાં 'બુલેટ' નિશાન ધરાવતા મુસ્તાક દિલાવરભાઈ બેલીમ અને 'બસ' નિશાન ધરાવતા ઈનુસભાઈ બેલીમ વચ્ચે મુકાબલો હતો. કુલ ૨૩૪ મતોમાંથી મુસ્તાકભાઈને ૧૮૫ મતો મળતા તેઓ ૧૩૬ મતના જંગી માર્જિનથી વિજેતા જાહેર થયા હતા. જીત બાદ સમર્થકોએ આતિશબાજી કરી નવનિયુક્ત પ્રમુખને વધાવ્યા હતા.

# લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ને આવકાર

લાઠી, તા.૦૨



લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયાએ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને આવકારતા જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રજૂ થયેલું આ બજેટ વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે. તેમણે નાણાંમંત્રી નિર્મલા સિતારામનજીને સતત નવમી વાર બજેટ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તળાવીયાએ જણાવ્યું હતું કે, આ બજેટ 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' (GYAN) તથા દિવ્યાંગજનોના પાયા મજબૂત કરશે. બજેટમાં MSME પર ભાર મૂકવાથી લઘુ ઉદ્યોગોને ફાયદો થશે. પૂર્વ ભારતના દાનકુનીથી સુરત સુધીના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી ગુજરાતના વ્યાપાર-ઉદ્યોગને ઝડપી લોજિસ્ટીક્સ સેવાઓ મળશે. ટેક્સટાઈલ સેક્ટર માટેની ૬ યોજનાઓ અને ૩ કેમિકલ પાર્ક્સ તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જાહેરાતનો સીધો લાભ ગુજરાતને મળશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ૫ લાખથી વધુ વસ્તી ધરાવતા ટીયર-૨ અને ટીયર-૩ શહેરોને 'સિટી ઈકોનોમિક રિજીયોન' બનાવવાની જાહેરાત અને મ્યુનિસીપલ બોન્ડને પ્રોત્સાહન મળવાથી રાજ્યના નાના શહેરોનો વિકાસ થશે. જામનગરના ગ્લોબલ ટ્રેડીશનલ મેડિસીન સેન્ટરનું અપગ્રેડેશન તથા લોથલ અને ધોળાવીરાનો ૧૫ પુરાતત્વીય વિરાસત ક્લસ્ટરમાં સમાવેશ થવાથી પ્રવાસન ક્ષેત્રે 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે.

# પીપાવાવ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૨



પીપાવાવ ખાતે 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે ગત ૨૮ જાન્યુઆરીના રોજ પીપાવાવ APL ટર્મિનલ ખાતે વિશેષ ટ્રાફિક ચેકિંગ ડ્રાઈવ યોજાઈ હતી. અમરેલી AR અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયેલા આ અભિયાનમાં આશરે ૧૩૦ જેટલા ડ્રાઈવરો અને વાહન માલિકોના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન અધિકારીઓએ વાહન ચાલકોને હેલ્મેટ, સીટબેલ્ટ અને ટ્રાફિકના અન્ય નિયમોનું પાલન કરવા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

# ગોઢાવદર ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની બેઠક, ગ્રામ્ય સ્તરે કાનૂની જાગૃતિનો શુભારંભ

ગોઢાવદર, તા.૦૨



નલસા (NALSA)ની "જસ્ટિસ અવેરનેશ ફોર ગ્રાસરૂટ્સ – ઈન્ફોર્મેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈનિશિયેટિવ સ્કીમ–૨૦૨૫" અંતર્ગત ગોઢાવદર ગામે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા બેઠક યોજાઈ હતી. નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી, દિલ્હી, ગુજરાત લીગલ સર્વિસ ઓથોરિટી, અમદાવાદ તથા જિલ્લા કાનૂની સેવા સમિતિ અમરેલીના ઉપક્રમે તાલુકા કાનૂની સેવા સમિતિ લીલિયા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું. ગોઢાવદર મુખ્ય કેન્દ્ર રહેશે અને તેની સાથે પુંજાપાદર, પીપળવા, વાઘણીયા તથા અંટાળીયા ગામોનો સમાવેશ કરાયો છે. આ કેન્દ્રનો શુભારંભ જિલ્લા કાનૂની સેવા સમિતિના ચેરમેન જે.એસ. ત્રિવેદી, પેનલ એડવોકેટ એસ.પી. ભડકોલીયા, સરપંચ હીરાબેન ગોસાઈ સહિતના આગેવાનોની હાજરીમાં થયો હતો. આ સેવા દર સોમવારે ગ્રામ પંચાયત કચેરી ખાતે ઉપલબ્ધ રહેશે, જેમાં ગ્રામ્ય સ્તરે કાનૂની સલાહ તથા નાના-મોટા વિવાદોના સુખદ સમાધાન માટે માર્ગદર્શન આપવામાં આવશે. આયોજન માટે કાનૂની સેવા સમિતિના સેક્રેટરી એસ.એમ. ટાંકે મહત્વની જહેમત ઉઠાવી હતી.

# બાબરાના કરિયાણા ગામે મૈત્રી કરારનો ખાર: માતાએ યુવક પર પથ્થરમારો કરી પુત્રીને પણ ઢોર માર માર્યો

બાબરા, તા.૦૨

અમરેલી જિલ્લાના બાબર તાલુકાના કરિયાણા ગામે મૈત્રી કરાર કરીને રહેતા એક યુગલ પર યુવતીની માતાએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. દીકરીએ યુવક સાથે મૈત્રી કરાર કર્યા હોવાની વાતનું મનદુઃખ રાખીને મહિલાએ યુવકનું માથું ફોડી નાખ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.પ્રવિણભાઈ ઉર્ફે રવિ લાલજીભાઈ રાઠોડ (ઉ.વ.૨૩) એ કૈલાસબેન અશોકભાઈ જતાપરા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર, ફરિયાદી યુવકે તારીખ ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ આરોપી કૈલાસબેન અશોકભાઈ જતાપરાની દીકરી ધ્રુવી સાથે મૈત્રી કરાર કર્યા હતા. આ કરાર બાદ બંને સાથે રહેતા હતા. પોતાની દીકરી અન્ય યુવક સાથે રહે તે બાબત માતા કૈલાસબેનને મંજૂર નહોતી, જેનું તેઓ મનદુઃખ રાખી રહ્યા હતા.આ મનદુઃખને પગલે આરોપી કૈલાસબેને તેમને રસ્તામાં આંતરી બેફામ ગાળો આપી હતી. ઉશ્કેરાયેલી માતાએ યુવકને ધક્કો મારી પછાડી દીધો હતો અને ત્યારબાદ પથ્થરનો છૂટો ઘા યુવકના માથામાં માર્યો હતો. આ ઉપરાંત શરીરે ઢીકાપાટુનો મૂઢમાર પણ મારવામાં આવ્યો હતો.પોતાના સાથીને બચાવવા વચ્ચે પડેલી પુત્રી ધ્રુવીને પણ તેની માતાએ છોડી નહોતી. માતાએ પોતાની જ દીકરીને ગંદી ગાળો આપીને આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલો કર્યા બાદ મહિલાએ આ બંનેને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટી હતી. મૈત્રી કરારના મામલે પારિવારિક હિંસાની આ ઘટના પંથકમાં ચર્ચાનો વિષય બની હતી.

# લોકશાળા ખડસલીમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદ દ્વારા આત્મીય સંમેલન યોજાયુ

અમરેલી,તા.૦૨



ગ્રામ સેવા કેન્દ્ર અને લોકશાળા ખડસલી ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદ દ્વારા તારીખ ૨૯ અને ૩૦ જાન્યુઆરીના રોજ લોકશાળાના ઢોરે એક ભવ્ય 'આત્મીય સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય મોરારીબાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.બે દિવસીય આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉમટી પડી પોતાના જૂના સંસ્મરણો તાજા કર્યા હતા. લોકશાળાના વર્તમાન વિદ્યાર્થીઓએ આકર્ષક મેદાની રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મોરારી બાપુએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવતા વિકાસ અર્થે રૂા. ૧ લાખનું યોગદાન અર્પણ કર્યું હતું અને આગામી સ્નેહ સંમેલનમાં પણ ઉપસ્થિત રહેવાની જાહેરાત કરી હતી.

## સ્થાનિક બચત મંડળમાંથી લીધેલા પૈસાના વિવાદમાં

# બાબરાના કલોરણા ગામે ઉછીના લીધેલા પૈસા બાબતે દંપતીએ કર્યો આપઘાતનો પ્રયાસ

બાબરા, તા. ૦૨

બાબરા તાલુકાના કલોરણા ગામેથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા હતા. સ્થાનિક બચત મંડળમાંથી લીધેલા પૈસાના વિવાદમાં એક દંપતીએ ઝેરી દવા પી લેતા પતિનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે પત્ની હાલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કલોરણા ગામે રહેતા ભરતભાઈ શામજીભાઈ ડાભી (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, મૃતક સંજયભાઈ અને તેમના પત્ની પ્રભાબેને ગામના સ્થાનિક બચત મંડળમાંથી રૂપિયા ઉછીના લીધા હતા. આ ઉછીના લીધેલા નાણાંની બાબતે દંપતી વચ્ચે અવારનવાર બોલાચાલી થતી હતી. ગત રોજ આ જ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પૈસાની ખેંચતાણ અને ઝઘડાથી કંટાળીને દંપતીએ આવેશમાં આવી જઈ ખેતરમાં જીરામાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ બંનેની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન સંજયભાઈનું મોત નીપજ્યું હતું, જ્યારે પત્ની પ્રભાબેનને વધુ સારવાર માટે જસદણની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.આર્થિક તંગી અને પારિવારિક કલેશમાં હસતા-રમતા પરિવારે આવું અંતમ પગલું ભરતા સમગ્ર કલોરણા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભાઈ સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪/૨૦૨૬ તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. મહેબુબભાઈ ઉમરભાઈ ભટ્ટી
રહે.લીંબડી ચોક,, તળીનાકુ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી
૨. અરજદારના વકીલશ્રી ઝહીર આર. ભટ્ટી, એડવોકેટ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના બહેન ઝરીનાબેન ઉમરભાઈ ભટ્ટીનો જન્મ તા.૧૨/૦૬/૧૯૭૧ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સંકુલ મહિલા કોલેજ
BA B.Com. B.Sc. માઈક્રો
MA M.Com. M.Sc. માઈક્રો
BBA BCA કોલેજ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી - Ad186

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ
બ્લુટૂથ ટેકનોલોજી
AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી
વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# મહેશ કસવાલાના હસ્તે સાવરકુંડલા અને લીલીયા પંથકમાં કુલ રૂ. ૧૨ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અને માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાના હેતુસર મહેશ કસવાલાના નેતૃત્વમાં કુલ રૂપિયા ૧૨ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિકાસ કામોની વિગત જોઈએ તો, સાવરકુંડલા–હાથસણી માર્ગ માટે રૂ. ૪.૧૦ કરોડ તેમજ હાથસણી–રૂગનાથપુર માર્ગ માટે રૂ. ૧.૪૦ કરોડ મળી કુલ રૂ. ૫.૫૦ કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જ્યારે સાવરકુંડલા-લીલીયા તાલુકાને જોડતા ખાલપર-બવાડી રોડ પર રૂ. ૩.૨૫ કરોડના ખર્ચે સી.સી. રોડ તથા દીવાલના કામોનું ખાતમુહૂર્ત કરાયું છે. આ ઉપરાંત ભુવા–ખડકાળા–જીરા સ્ટેશન રોડનું રૂ. ૧.૮૦ કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કરવામાં આવશે. અન્ય કામોમાં ગણેશગઢ ગામે રૂ. ૧૩.૭૫ લાખના ખર્ચે સી.સી. રોડ અને ધાર–મોલડી તરફ જતાં માર્ગ પર રૂ. ૭૦ લાખના ખર્ચે નિર્મિત ૨ સ્પાન સ્લેબ ડ્રેનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેનાથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા હલ થશે. ગાધકડા ગામે રૂ. ૩૪.૮૩ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવી ગ્રામ પંચાયત ભવનની સ્થળ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી.



# જિલ્લાકક્ષા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલની મુલાકાત લેતા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા

અમરેલી,તા.૦૨

અમરેલી ખાતે ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે આયોજિત જિલ્લાકક્ષા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૬માં મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લાના ઉત્કૃષ્ટ અને શ્રેષ્ઠ શિક્ષકોએ પોતાના વિવિધ યુનિક ઈનોવેશનને પ્રદર્શિત કર્યા હતા. આ ઈનોવેશનની મદદથી આંગણવાડીથી ઉચ્ચત્તર માધ્યમિક શાળામા લર્નિંગ સરળ બન્યું છે. આ ઈનોવેશન ફેસ્ટિવલમાં શિક્ષણમાં કંઈક અલગ રીતે અને અલગ પ્રકારે બાળકોને સરળતા થાય અને બાળકો સરળતાથી શીખી શકે તે માટે અને તેમાં મદદ કરતા વિવિધ ઈનોવેશન જેમ કે, વેસ્ટ ટુ બેસ્ટ, વાર્તા વૈભવ, રમતા જોગી, ગાણિતિક રમતો, પસ્તી બન્યું પુસ્તક, પર્યાવરણની જાળવણી, પ્રવૃત્તિથી પ્રગતિ, ઈઝી અંગ્રેજી, શોર્ટકટ મેથ્સ ટ્રીક સહિતના વિવિધ ઈનોવેશન પ્રસ્તુત કરવામાં આવ્યા છે.



# ગોઢાવદર ગામે ૭૭માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી

લીલિયા, તા.૦૨

લીલિયા તાલુકાના ગોઢાવદર માં ૭૭ માં ગણતંત્ર દિવસની ઉજવણી પ્રાથમિક સ્કૂલમાં કરવામાં આવી હતી. આ તકે ઉચ્ચ અભ્યાસ કરેલી ગામની કન્યા આરતી સંજયભાઈ પરમારનાં હાથે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રાષ્ટ્ર ગાન,દેશભક્તિ ગીત રજૂ કરવામાં આવ્યા હતા. બાળકોએ તૈયાર કરેલ નાટકો અને વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. હાલ અમેરિકા (ગોઢાવદરનાં વતની) લાલજીભાઈ વલ્લભભાઈ ગજેરાએ બાળકોને ભેટ આપી હતી.



# રાજુલામાં ખેડૂતની રૂા. ૧.૬૫ લાખ ભરેલી થેલી પડી જતા પોલીસે પરત અપાવી

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસે માનવતાવાદી અભિગમ દાખવી એક ખેડૂતના પરસેવાની કમાણી પરત અપાવી 'પોલીસ પ્રજાનો મિત્ર છે' તે સૂત્ર સાર્થક કર્યું છે.ઘટનાની વિગત મુજબ, બર્બટાણા ગામના ખેડૂત હમીરભાઈ કાતરીયાએ ટેકાના ભાવે મગફળી વેચી તેના રૂ.૧,૬૫,૦૦૦/- એસ.બી.આઈ. બેંકમાંથી ઉપાડી પરત ફરી રહ્યા હતા, ત્યારે રાજુલા ટાઉનમાં આ રકમ ભરેલી થેલી ક્યાંક પડી ગઈ હતી. ખેડૂતે ભારે હૈયે રાજુલા પોલીસને જાણ કરતા, પી.આઈ. વી.એમ. કોલાદરા અને તેમની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે શહેરના સીસીટીવી ફૂટેજ તપાસતા એક મહિલા આ થેલી લઈ રિક્ષામાં બેસતી જણાઈ હતી. હ્યુમન ઈન્ટેલિજન્સ અને રિક્ષા ચાલકની મદદથી પોલીસે હિંડોરણા ગામેથી તે મહિલાને શોધી કાઢી હતી. મહિલા પાસેથી રોકડ રકમ સલામત મળી આવતા, પોલીસે ખરાઈ કરી ખેડૂતને તેમના રૂ.૧,૬૫,૦૦૦/- પરત સોંપ્યા હતા. આખા વર્ષની મહેનતની કમાણી પરત મળતા ખેડૂતે રાજુલા પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



# અમરેલી વીએચપીએ અકસ્માત અટકાવવા રખડતી ગાયના ગળામાં રેડિયમ પટ્ટી લગાડી

અમરેલી,તા.૦૨

અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદની ગૌરક્ષક ટીમે માર્ગ સલામતી માટે પહેલ કરી છે. જાહેર માર્ગો પર રખડતી ૪૦થી વધુ ગાયોના ગળામાં રેડિયમ પટ્ટી લગાવવામાં આવી છે. રાત્રીના સમયે અંધારામાં પશુઓ દેખાતા ન હોવાથી થતા અકસ્માતો અટકાવવાનો હેતુ છે. આ પગલાંથી પશુઓના જીવ બચશે તેમજ વાહનચાલકોને અકસ્માતથી બચવામાં મદદ મળશે.



# વડિયાના ખાખરીયા ગામે ખેડૂતની વાડીમાંથી રૂ. ૨૫,૦૦૦ના વીજ ઉપકરણોની ચોરી

વડિયા, તા. ૦૨

વડિયા તાલુકાના ખાખરીયા ગામે તસ્કરોએ ખેડૂતની વાડીને નિશાન બનાવી હોવાની ઘટના સામે આવી છે. રેલ્વેના પાટા નજીક આવેલી વાડીમાંથી અજાણ્યા શખ્સો સબમર્સીબલ મોટર સહિતના સાધનોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. હરસુખભાઈ રવજીભાઈ વઘાસીયા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, ખાખરીયા ગામની સીમમાં રેલ્વેના પાટાની બાજુમાં આવેલી 'ગંગાજળીયા' તરીકે ઓળખાતી વાડીમાં ચોરીનો આ બનાવ બન્યો હતો. તારીખ ૩૦/૦૧/૨૦૨૬ના સાંજના સાડા છ વાગ્યાથી તારીખ ૩૧/૦૧/૨૦૨૬ સવારના નવ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ વાડીમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરો વાડીના કુવા/બોરમાંથી પાતાલ કંપનીની સબમર્સીબલ મોટર, તેમાં નાખેલો ૧૦૦ ફૂટ કેબલ વાયર, પાણીનો દંડો અને મોટરનું સ્ટાર્ટર મળી કુલ રૂપિયા ૨૫,૦૦૦ની કિંમતના આખા સેટની ચોરી કરી લઈ ગયા છે. ખેડૂતે પોતાની વાડીએ આવી તપાસ કરતા ચોરી થઈ હોવાનું જણાયું હતું. આ અંગે અજાણ્યા ચોર વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. વારંવાર બનતી આવી ચોરીની ઘટનાઓને પગલે સીમ વિસ્તારના ખેડૂતોમાં ફફડાટ ફેલાયો હતો અને રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એમ.કાછેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પૈસાની લેતીદેતીમાં મહિલા સહિત એક જ પરિવારના ૪ સભ્યો પર લાકડી વડે હુમલો

અમરેલી,તા.૦૨

શહેરના એક વિસ્તારમાં જૂના મનદુઃખને કારણે પાડોશી કે પરિચિત શખ્સે આતંક મચાવ્યો હોવાની ઘટના સામે આવી હતી. પૈસાની બાબતે ચાલી રહેલા વિવાદમાં આરોપીએ એક મહિલા અને તેના પરિવાર પર લાકડી વડે આડેધડ હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. પારૂલબેન હરેશભાઈ સોલંકી (ઉ.વ.૪૫)એ દિપકભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત એવી છે કે, ફરિયાદી મહિલા પોતાના ઘરની બહાર બેઠી હતી, તે સમયે આરોપી ત્યાં આવી પહોંચ્યો હતો. પૈસાની બાબતે અગાઉ થયેલા મનદુઃખને મનમાં રાખીને આરોપીએ અચાનક ઉશ્કેરાઈ જઈ ફરિયાદી મહિલાને બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, આરોપીએ મહિલાને ગાલ પર સાતથી આઠ લાફા ઝીંકી દઈ માર માર્યો હતો. આરોપીનો ગુસ્સો આટલેથી ન અટકતા તેણે લાકડી વડે તેના પર હુમલો કર્યો હતો. જ્યારે પરિવારના અન્ય સભ્યો વચ્ચે પડ્યા, ત્યારે આરોપીએ મહિલાના પતિ, પુત્રી અને પુત્રની પત્ની (પુત્રવધૂ) ને પણ લાકડી વડે આડેધડ માર મારતા ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલામાં ફરિયાદી મહિલાને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં મહિલાના જમણા હાથના અંગૂઠામાં ફ્રેક્ચર થયું હતું અને ત્રણ ટાંકા આવ્યા હતા. હુમલા દરમિયાન મહિલાની પુત્રીને પણ માથાના ભાગે ઈજા પહોંચી હતી.આ અંગે ઈજાગ્રસ્ત મહિલાએ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે માર મારવા, ગાળો આપવા અને ગંભીર ઈજા પહોંચાડવા બદલ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૦૩-૦૨-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૭:૨૬, સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૨-૨૦૨૬ મંગળવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. કેટલાક કામને લીધે રાજ્ય તરફથી થોડી સમસ્યા આવી શકે છે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે.ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન:આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# સા.કુંડલામાં ખાંભા ટી-પોઈન્ટ પાસે કાર ચાલકે બાઈકને અડફેટે લેતા ભાઈ-બહેન ઈજાગ્રસ્ત

**અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો**

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલા-મહુવા રોડ પર આવેલા ખાંભા ટી-પોઈન્ટ પાસે એક બેફામ બનેલી કારે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર ભાઈ-બહેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે કાર ચાલક અકસ્માત સર્જી સ્થળ પરથી ફરાર થઈ ગયો છે.મળતી માહિતી મુજબ,અલ્તાફ હુસેનભાઈ ઝાખરા (ઉ.વ.૧૯) પોતાની મોટરસાયકલ નંબર GJ-૦૧-DH-૩૯૪૧ પર પોતાની બહેનને પાછળ બેસાડીને સાવરકુંડલા તરફ આવી રહ્યા હતા. તેઓ જ્યારે ખાંભા ટી-પોઈન્ટ પાસે પહોંચ્યા ત્યારે સાવરકુંડલા તરફથી સામેથી આવતી એક સફેદ કલરની ફોરવ્હીલ કાર નંબર GJ-૧૪-AP-૦૫૦૫ ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે ભાઈ-બહેન બંને રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને નાકના ભાગે ફ્રેક્ચર અને જમણા હાથે ગંભીર ઈજાઓ પહોંચતા પ્લાસ્ટર આવ્યું હતું. જ્યારે તેમની સાથે રહેલા બહેનને પણ શરીરે મૂઢ ઈજાઓ પહોંચી હતી. માનવ જિંદગી જોખમાય તે રીતે બેફામ કાર ચલાવી અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાની સંઘવી હાઈસ્કૂલમાં હેલ્ધી ફૂડ અને પ્લાસ્ટિક મુક્ત અભિયાનની ઉજવણી

રાજુલા,તા.૦૨

રાજુલાની સંઘવી હાઈસ્કૂલ ખાતે 'હેલ્ધી ફૂડ અવેરનેસ ફેસ્ટિવલ' અને 'પ્લાસ્ટિક મુક્ત ભારત' અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સંતુલિત આહારનું મહત્વ સમજાવતા ભોજનમાં કઠોળ, લીલા શાકભાજી અને સલાડના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.પર્યાવરણના રક્ષણ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ ત્યાગવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના જોખમો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને જાગૃત કરાયા હતા.



# અમરેલી જિલ્લાના દામનગર અને નાગેશ્રી ગામેથી બે મહિલાઓ ગુમ

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં બે અલગ-અલગ સ્થળોએથી બે મહિલાઓ ગુમ થઈ હોવાની ઘટનાઓ સામે આવી છે. દામનગરની વાણીયા શેરીમાં રહેતા રેખાબેન મહેશભાઈ રાઠોડ નામના મહિલા પોતાના ઘરેથી ગુમ થયા છે. ગત તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ સાંજના આશરે આઠેક વાગ્યાના સમયગાળા દરમિયાન તેઓ કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.

બીજી ઘટનામાં, નાગેશ્રી ગામે રહેતા ૩૧ વર્ષીય જનકબેન ગુમ થયા છે. તેઓ પણ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા અને મોડે સુધી પરત ન ફરતા પરિવારે શોધખોળ આદરી હતી. યુવતીનો કોઈ પત્તો ન મળતા આ મામલે પોલીસમાં 'ગુમ થયા' અંગેની જાહેરાત કરવામાં આવી હતી.

બંને કિસ્સાઓમાં સ્થાનિક પોલીસ દ્વારા મહિલાઓના વર્ણન અને સંભવિત સ્થળોના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. જો કોઈને આ મહિલાઓ વિશે જાણકારી મળે, તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવમાં મેદાની રમતોનો ક્રેઝ વધ્યો

સાવરકુંડલા, તા.૦૨

ડિજિટલ યુગમાં વિસરાતી જતી મેદાની રમતોને પુનઃજીવિત કરવાના હેતુથી શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવ અંતર્ગત ભવ્ય રમતોત્સવ યોજાયો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને અને કન્વીનર કેતનભાઈ ખુમાણના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સરકારી શાળાઓના ૧૦૦૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકો માટે લીંબુ-ચમચી, કોથળા દોડ અને સંગીત ખુરશી જેવી પરંપરાગત સ્પર્ધાઓ યોજાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ રમતગમતને શિક્ષણનો ભાગ બનાવવા અને બાળકોને યોગ-સૂર્યનમસ્કાર તરફ વાળવા અનુરોધ કર્યો હતો. સંસ્થા દ્વારા ટૂંક સમયમાં કાયમી 'યોગ સેન્ટર' શરૂ કરવાની અને આગામી સમયમાં વડીલો માટે પણ રમતોત્સવ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમે શહેરમાં શારીરિક અને બૌદ્ધિક વિકાસનો અનોખો સંદેશ વહેતો કર્યો છે.



તંત્રી લેખ

# જીવન શિક્ષણના બદલાતા માધ્યમ

શિક્ષણ જગતના આયામો બદલાઈ રહ્યા છે. એઆઈ ટેકનોલોજીના આગમન પહેલા કોરોના મહામારીએ માનવ જીવનના દરેક ક્ષેત્રને હચમચાવી દીધું, પરંતુ સૌથી ઊંડો અને લાંબા ગાળાનો પ્રભાવ શિક્ષણ પર પડ્યો છે. વર્ષો સુધી ચાલતી આવેલી વર્ગખંડ આધારિત શિક્ષણ પદ્ધતિ અચાનક અટકી ગઈ. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઓનલાઈન શિક્ષણને વિકલ્પ તરીકે અપનાવવામાં આવ્યું, પરંતુ આ ઉપાય પોતે જ અનેક નવી સમસ્યાઓનું કારણ બન્યો. શિક્ષણ બચાવવાની દોડમાં આપણે અજાણતા જ બાળકોના જીવન શિક્ષણના મૂળ માધ્યમ''ઘર''ને અવગણી દીધું.

ઓનલાઈન શિક્ષણ સાથે જ વિદ્યાર્થીઓમાં મોબાઈલ અને સ્ક્રીન એડિક્શન નોંધપાત્ર રીતે વધ્યું. આ માત્ર શિક્ષણ પૂરતું સીમિત ન રહ્યું; બાળકો એવી વેબસાઈટ્સ અને ડિજિટલ સામગ્રી તરફ આકર્ષાયા જે તેમના માનસિક અને નૈતિક વિકાસ માટે હિતાવહ નહોતી. આ પ્રકારની વેબસાઈટ્સનો વ્યૂઅર્સમાં ૬૨ ટકાનો વધારો ચિંતાજનક સંકેત છે. શાળા બંધ રહી, પરંતુ બાળકો 'ડિજિટલ વર્ગખંડ'માં પ્રવેશ્યા-જ્યાં નિયંત્રણ ઓછું અને જોખમ વધારે હતું.

વિદ્યાર્થીઓ સતત ઘરમાં રહેતા થતાં ઘર ખર્ચમાં સરેરાશ ૨૩ ટકાનો વધારો નોંધાયો. વીજળી, ઈન્ટરનેટ, મોબાઈલ રિચાર્જ, ઉપકરણોની ખરીદી-આ બધું મધ્યમ વર્ગ માટે વધારાનો ભાર બન્યું. પરંતુ આ આર્થિક દબાણ કરતાં વધુ ગંભીર સમસ્યા બની મા-બાપ માટે 'બ્રિધિંગ સ્પેસ' અને પ્રાઈવસીનો અભાવ મુખ્ય ગણી શકાય. ઘરમાં દરેક વ્યક્તિ સતત સાથે રહેતા હોવાથી તણાવ વધ્યો, અથડામણો વધી અને તેના પરિણામ રૂપે ગુજરાત રાજ્યના પોલીસ રેકોર્ડ મુજબ ફેમિલી ક્રાઈમમાં ૧૭ ટકાનો વધારો નોંધાયો. આ આંકડો સ્પષ્ટ કરે છે કે શિક્ષણની સમસ્યા માત્ર શાળાની નથી, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને સ્પર્શે છે.

અંગ્રેજોએ દુનિયાભરમાં ચાર દીવાલોવાળા વર્ગખંડ, કાળું પાટિયું, શિક્ષકની નિશ્ચિત જગ્યા અને પંક્તિમાં બેઠેલા વિદ્યાર્થીઓ-આ માળખાને જ્ઞાનની આપ-લેનું મુખ્ય સાધન બનાવ્યું. કોવિડ મહામારી અને સોશિયલ ડિસ્ટન્સિંગે આ માળખાની મર્યાદાઓ ખુલ્લી પાડી. હવે પ્રશ્ન એ નથી કે વર્ગખંડ ક્યારે ખુલશે, પરંતુ પ્રશ્ન એ છે કે શિક્ષણનું કેન્દ્ર ફરીથી કેવી રીતે માનવીય બનાવવું. કારણ કે હવે ટેકનોલોજીનો જબરજસ્ત વિકાસ થઈ ચૂક્યો છે. એ આઈ ના સહારે વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. નિબંધ લખવો હોય તો એ આઈ નો ઉપયોગ વિદ્યાર્થી કરી રહ્યા છે. આનો અતિરેક અત્યારે થઈ રહ્યો છે. પરીક્ષામાં ચોરી કરવા પણ એ આઈ નો ઉપયોગ થતો હોવાનું બહાર આવ્યું છે. આવા સંજોગોમાં શિક્ષણમાં પરિવર્તન જરૂરી લાગે છે.

આ સંદર્ભમાં 'ઘર' જીવનશિક્ષણનું સૌથી મહત્વનું માધ્યમ બની શકે છે. ઘર માત્ર રહેવાની જગ્યા નથી; તે સંસ્કાર, સંવાદ, સહનશીલતા અને જવાબદારી શીખવવાની પ્રથમ પાઠશાળા છે. મા-બાપ જો માત્ર પરીક્ષાના ગુણ નહીં, પરંતુ બાળકોના સ્વભાવ, રસ અને માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપે, તો શિક્ષણનો અર્થ બદલાઈ શકે. શાળા અને ટેકનોલોજી માર્ગદર્શક બની શકે, પરંતુ સાચું શિક્ષણ ઘરમાં મળતા વાતાવરણમાંથી જ જન્મે છે.

મહામારી બાદની દુનિયામાં શિક્ષણની નવી વ્યાખ્યા ઘડવાની જરૂર છે. ખાસ કરીને એ આઈ ના અતિરેક પછી જ્યાં ઘર, શાળા અને સમાજ ત્રણેયની સંયુક્ત જવાબદારી સ્વીકારવામાં આવે. જીવનશિક્ષણ જો ઘરમાંથી મજબૂત બનશે, તો કોઈપણ સંકટ સામે ભવિષ્યની પેઢી વધુ સજ્જ બની શકે છે.


# ટેક્નોલોજી આધારિત અર્થવ્યવસ્થાનો મજબૂત પાયો એટલે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ

એઆઈમાં અમર્યાદિત ક્ષમતા છે. આજનો એક નાનો પ્રયાસ રાષ્ટ્રને આવતી કાલે નવી ઊંચાઈઓ આપશે.એ આઈ ના નિષ્ણાંત ગણાતા એલન જેમ્સ ના વાક્યનો સૂર આ વખતનું બજેટ વ્યક્ત કરે છે.આ વર્ષના બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણનું સૌથી વધુ ફોક્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર રહ્યું છે, જેથી ભારત ટેકનોલોજી આધારિત અર્થવ્યવસ્થા માટે તૈયાર થઈ શકે. બજેટનું ફોકસ વર્કફોર્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નિયમનકારી માળખાને એઆઈના યુગને અનુરૂપ બનાવવા પર રહ્યું છે. સીતારમણે બજેટ રજૂ કરવા સમયે કહ્યું કે સરકાર એઆઈમિશન, નેશનલ ક્વોન્ટમ મિશન તેમજ ડેવલપમેંટ એન્ડ ઈનોવેશન ફંડ જેવા હાલના મિશનો પર કામ ચાલું રાખશે, જેથી ભારત ટેક્નોલોજીમાં પાછળ ન રહી જાય. તેનાથી ખેડૂતો, મહિલાઓ, યુવા તેમજ દિવ્યાંગ તમામને ફાયદો મળશે. આઈબીએમના ટેક્નોલોજી આર્કિટેક્ટ અમિત સિંહે કહ્યું કે બજેટમાં જે જાહેરાત કરાઈ છે, તેનાથી એઆઈ સેક્ટરમાં ૫ વર્ષમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ રોકાણ આવી શકે છે, ખાસ કરીને ક્લાઉડ જેવા સેગમેન્ટમાં. ટેક્સમાં છૂટ અને મિશનથી વૈશ્વિક કંપનીઓ ભારતને પ્રાથમિકતા આપશે. તેનાથી ફૂલ ડિજિટલ રોકાણ અત્યારની તુલનાએ ૨૦-30% વધી શકે છે. તેનું લક્ષ્ય ગ્લોબલ સર્વિસીઝ માર્કેટમાં ભારતનો ૪ હિસ્સો ૧૦% સુધી પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. એઆઈને સ્કૂલના સ્તરેથી જ અભ્યાસક્રમમાં સામેલ કરાશે. રાજ્ય શૈક્ષણિક સંશોધન પરિષદોને એઆઈના અનુરૂપ તાલીમ અપાશે. એન્જિનિયર્સ અને ટેક પ્રોફેશનલ્સ માટે મોટા પાયે અપસ્કિલિંગ અને રી-સ્કિલિંગ પ્રોગ્રામ ચલાવાશે. તેની સાથે જ એજ્યુકેશન ટૂ એમ્પ્લૉયમેંટ ઍડ એન્ટરપ્રાઈઝ નામની હાઈ પાર્વર્ડ સ્ટેન્ટિંગ કમિટી બનાવાશે. તેનું લક્ષ્ય ૨૦૪૭ સુધી ગ્લોબલ સર્વિસીઝ માર્કેટમાં દેશનો હિસ્સો ૧૦% સુધી પહોંચાડવાનો છે. આ માટે અહીં એઆઈનો ઉપયોગ થશે.

એઆઈ ગવર્નસનો ઉપયોગ પબ્લિક સર્વિસને શ્રેષ્ઠ બનાવવામાં કરવામાં આવશે. આ ઉપરાંત એઆઈ મિશનનો ઉપયોગ નેશનલ ક્વૉટમ મિશનમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે.

નોકરી-તાલીમ અને મેચિંગ પ્લેટફોર્મમાં પણ એ આઈ નો વ્યાપક ઉપયોગ થશે. ખેતી હવામાન, અને માર્કેટનું અનુમાન લગાવવામાં પણ એ આઈ ઉપયોગી થશે. દિવ્યાંગો માટે આસિસ્ટિવ ઉપકરણમાં અને તેની ડિઝાઈનમાં એ આઈ ઉપયોગી છે. આવક વધારવા માટે સીમા શુલ્કમાં ઝડપી સ્કેનિંગ માટે એ આઈ ઉપયોગી છે.

શિક્ષણમાં સ્કૂલના સ્તરેથી ટેક તાલીમમાં અને સર્વિસ સેક્ટરની નિકાસ વધારવામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.કંપનીઓની ઉત્પાદકતા વધારવામાં ડિજિટલ અને રોબોટિક્સ નો ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સેમિકંડક્ટર માટે ફાળવણી ૮,૦૦૦ કરોડ રૂપિયા કરાઈ છે. ૧૫ હજાર સ્કૂલમાં એઆઈ લેબ માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ વખતના બજેટમાં અલ્ટ્રા ફોકસ



ની સિસ્ટમ અપનાવવામાં આવી છે. બજેટ સંબોધનમાં રેકોર્ડ ૧૧ વાર એઆઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ કોઈપણ ભારતીય બજેટ ભાષણમાં એઆઈનો સર્વાધિક ઉલ્લેખ છે. આ પહેલા સૌથી વધુ ૪ વાર ૨૦૧૯-૨૦ના વચગાળાના બજેટમાં પીયુષ ગોયલે કર્યો હતો. દેશના યુનિયન બજેટમાં પહેલીવાર એઆઈનો ઉલ્લેખ ૨૦૧૮-૧૯માં અરુણ જેટલીએ ૩ વાર કર્યો હતો.

દેશમાં ૫૦૦ કરોડ રૂપિયાથી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

એઆઈ સેન્ટર ફોર એક્સેલન્સ તૈયાર થશે. માર્કેટમાં માત્ર આઈટી ઈન્ડેક્સમાં તેજી બજેટમાં એઆઈ, ટેક્નોલોજી પર ફોકસની સીધી અસર શેરમાર્કેટ પર પડી.સેન્સેક્સ અંદાજે ૨% તૂટ્યો હતો. BSEના તમામ ૨૧ સેક્ટોરલ ઈન્ડેક્સમાંથી ૧૯ ઘટ્યા હતા. પરંતુ આઈટી ઈન્ડેક્સમાં ૦.૬૬% અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૪૩% તેજી હતી. દેશની સૌથી મોટી આઈટી કંપની ટીસીએસના શેર્સમાં ૨% ઉછાળો હતો. બીજી મોટી કંપની ઈન્ફોસિસનો શેર પણ ૧.૨% વધ્યો હતો.

ભારતીય બજેટમાં એઆઈ પર અભૂતપૂર્વ ફોકસ કરવામાં આવશે.ટેક્નોલોજી આધારિત અર્થવ્યવસ્થાનો મજબૂત પાયોછે.નાણામંત્રીએ સ્પષ્ટ કહ્યું કે સરકાર એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન અને ડેવલપમેન્ટ એન્ડ ઈનોવેશન ફંડ જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ પર કામ ઝડપથી આગળ વધારશે, જેથી દેશ ટેક્નોલોજીની રેસમાં પાછળ ન રહે.

આ બજેટનું મુખ્ય ધ્યાન વર્કફોર્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નિયમનકારી માળખાને એઆઈ યુગ માટે અનુરૂપ બનાવવા પર છે. આનાથી ખેડૂતો, મહિલાઓ, યુવા અને દિવ્યાંગો સહિત તમામ વર્ગોને ફાયદો થશે. આઈબીએમના ટેક્નોલોજી આર્કિટેક્ટ અમિત સિંહના મતે, આ જાહેરાતોથી આગામી પાંચ વર્ષમાં એઆઈ સેક્ટરમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ આવી શકે છે. ખાસ કરીને ક્લાઉડ કમ્પ્યુટિંગ જેવા ક્ષેત્રોમાં આ વધારો જોવા મળશે. ટેક્સમાં છૂટ અને સરકારી મિશન્સને કારણે વૈશ્વિક કંપનીઓ ભારતને પ્રાથમિકતા આપશે, જેનાથી ડિજિટલ રોકાણ અત્યારની તુલનામાં ૨૦-૩૦ ટકા વધી શકે છે. આ રોકાણ ભારતને ગ્લોબલ સર્વિસીઝ માર્કેટમાં વધુ મજબૂત સ્થાન આપશે.


બજેટમાં શિક્ષણ અને તાલીમ પર પણ ખાસ ભાર મૂકાયો છે, જે ભારતને એઆઇ યુગ માટે તૈયાર કરશે. સ્કૂલના સ્તરથી જ એઆઈને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. રાજ્ય શૈક્ષણિક સંશોધન પરિષદોને એઆઇ અનુરૂપ તાલીમ આપવામાં આવશે. એન્જિનિયર્સ અને ટેક પ્રોફેશનલ્સ માટે મોટા પાયે અપસ્કિલિંગ અને રી-સ્કિલિંગ પ્રોગ્રામ શરૂ થશે. તેમજ 'એજ્યુકેશન ટૂ એમ્પ્લોયમેન્ટ એન્ડ એન્ટરપ્રાઇઝ' નામની હાઈ-પાવર્ડ સ્ટેન્ડિંગ કમિટીની રચના કરાશે, જેનું લક્ષ્ય ૨૦૪૭ સુધી ગ્લોબલ સર્વિસીઝ માર્કેટમાં ભારતનો હિસ્સો હાલના ૪ ટકાથી વધારીને ૧૦ ટકા કરવાનું છે. આ માટે ૧૫ હજાર સ્કૂલોમાં એઆઇ લેબ સ્થાપવા ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. આ પગલાંથી યુવા વર્ગને નવી તકો મળશે અને ભારત વિશ્વના ટેક્નોલોજી હબ તરીકે ઉભરશે.

બજેટમાં અન્ય મહત્વની ફાળવણીઓ પણ એઆઇ ઈકોસિસ્ટમને મજબૂત કરશે. ઈન્ડિયા એઆઇ મિશન માટે ૧,૦૦૦ કરોડ અને એઆઇ સેન્ટર ઓફ એક્સેલન્સ માટે ૫૦૦ કરોડ રૂપિયા જોડાયા છે. સેમિકન્ડક્ટર માટે ૮,૦૦૦ કરોડની ફાળવણીથી ચિપ્સ ઉત્પાદન વધશે, જે એઆઇ હાર્ડવેર માટે આધારભૂત છે. નાણામંત્રીએ કહ્યું કે માત્ર મશીનોને સ્માર્ટ નહીં, માણસોને પણ ટેક્નોલોજીમાં નિપુણ બનાવવાનો સમય આવ્યો છે. આથી રિયલ વર્કફોર્સને તૈયાર કરીને વર્ચ્યુઅલ પરિણામો જ નહીં, વાસ્તવિક પરિણામો મેળવવાનો દૃષ્ટિકોણ છે.

બજેટ જાહેર થતાં જ શેરબજાર પર તેની સીધી અસર જોવા મળી. સેન્સેક્સ અંદાજે ૨ ટકા ઘટ્યો અને બીએસઈના ૨૧ સેક્ટોરલ ઈન્ડેક્સમાંથી ૧૯ નીચા પડ્યા. પરંતુ આઈટી ઈન્ડેક્સ ૦.૬૬ ટકા અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ ૦.૪૩ ટકા વધ્યા. દેશની સૌથી મોટી આઈટી કંપની ટીસીએસના શેરમાં ૨ ટકાનો ઉછાળો આવ્યો, જ્યારે ઈન્ફોસિસ ૧.૨ ટકા ઉપર ગયો. આથી બજેટનો એઆઇ અને ટેક્નોલોજી પર ફોકસ બજારને સકારાત્મક સંદેશ આપે છે, જોકે અન્ય ક્ષેત્રોમાં અસર મળીની મળી.

મોટા ચિત્રમાં આ બજેટ ભારતને ડિજિટલ અર્થવ્યવસ્થાના પાયાને મજબૂત કરે છે. એઆઇ દ્વારા સ્માર્ટ સર્વિસીસ, કાર્યક્ષમતા અને ખર્ચમાં ઘટાડો થશે. ખાસ કરીને પટાલેકદર જેવા વિસ્તારોમાં લોકોને વધુ સારી સુવિધાઓ મળશે. આ પગલાંથી ભારત માત્ર ટેક્નોલોજી ગ્રાહક નહીં, પરંતુ વૈશ્વિક લીડર તરીકે ઉભરશે. નાણામંત્રીનો આ વિઝન 'મેડમ માત્ર એકલા નહીં, માણસોને પણ સ્માર્ટ બનાવો'ના મંત્રને સાકાર કરશે, જે દેશને ૨૦૪૭ના વિકસિત ભારત તરફ લઈ જશે.

## શબ્દ સંજોગ-૨૧૪૨



**આડી ચાવી :**
(૧) ભૂતપૂર્વ વડાપ્રધાન... દેસાઈ (૪)
(૪) વિવેક, અદબ (૩)
(૬) ધીમેથી મારેલી થપાટ (૩)
(૮) નવી વહુ.... દિવસ (૨)
(૧૦) ડરપોક, કાયર (૩)
(૧૨) હંસ (૩)
(૧૪) યમરાજાનું વાહન (૨)
(૧૫) ઉનાળાનું અંગ્રેજી (૩)
(૧૬) એક દેવયોનિ (૨)
(૧૭) પતંગની દોરી (૨)
(૧૮) રાજય કરતા અમલદાર (૩)
(૨૦) પ્રયત્ન કરો તો ચોક્કસ આવડશે (૩)
(૨૨) પેઠલુ, અંદર ગયેલુ (૩)
(૨૪) તાંતણો, તાર (૨)
(૨૫) અવાસન, નિધન (૨)
(૨૬) વારવુ, અટકાવવુ તે (૩)
(૨૭) બેઉ છેડે વળેલો સળિયો (૩)
(૨૮) એક કંદ (૩)

**ઉભી ચાવી :**
(૧) સૌરાષ્ટ્રનું એક શહેર (૩)
(૨) રટવુ તે (૩)
(૩) એક જાતની મજબૂત મોટરગાડી (૨)
(૫) .....સેવા એ જ પ્રભુસેવા (૨)
(૭) એક વૃક્ષ (૩)
(૯) વિના, સિવાય (૩)
(૧૧) પ્રેમ કે ક્રોધ ભરી વક્ર દૃષ્ટિ (૩)
(૧૩) ઘસરકો, ઉઝરડો (૪)
(૧૪) .......ભાણે મોટો લાડુ (૩)
(૧૬) શ્રી કૃષ્ણની પાલક માતા (૩)
(૧૮) અવસ્થા, દશા (૨)
(૧૯) અન્ય મત, પંથ (૪)
(૨૧) એક પેટાઋતુ (૩)
(૨૩) ફકીરનો લેબાસ (૩)

## શબ્દ સંજોગ-૨૧૪૧ જવાબ

**આડી ચાવી:** (૧) લાઈફ (૩) લાદી (૫) લાછો (૭) ઈજા (૮) આદેશ (૯) ગોર (૧૦) લાજમ (૧૨) જત (૧૪) વક્તુંડ (૧૭) આગમન (૧૯) ગમ (૨૧) ગવરી (૨૩) મગ (૨૪) ઉબકો (૨૫) સાવ (૨૭) ઉજડ (૨૯) ડગર (૩૦) નમકો (કોમન).
**ઉભી ચાવી:** (૧) લાઈલાજ (૨) ઈજાજત (૩) લાદેડો (૪) દીશ (૫) લાગો (૬) છોર (૧૧) ચક્ર (૧૩) લાગવગ (૧૪) વન (૧૫) તુંગ (૧૬) ડમરો (૧૭) આગમ (૧૮) મરી (૨૦) વલસાડ (૨૨) સબડકો (૨૪) ઉજમ (૨૬) વગ (૨૭) ઉન (૨૮) સોજ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૯૩૦ | ૧૦૪૦ |
| બાજરી | ૩૩૭ | ૪૧૦ |
| તુવેર | ૯૦૦ | ૧૬૭૫ |
| ચણા પીળા | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૮૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| મગ | ૧૦૩૦ | ૧૯૭૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૦૫ |
| ચોળી | ૭૮૦ | ૯૯૦ |
| મઠ | ૧૦૨૦ | ૨૦૮૭ |
| વટાણા | ૩૦૦ | ૧૩૪૦ |
| રાજમા | ૩૫૦ | ૧૫૭૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૪૫ |
| મગફળી જીણી | ૧૩૫૦ | ૧૫૪૦ |
| તલી | ૧૪૦૦ | ૨૧૯૦ |
| સુરજમુખી | ૧૦૦૮ | ૧૦૦૮ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૫૩ |
| અજમો | ૧૦૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૩૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૮૨૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૪૫૦૦ |
| લસણ | ૧૦૨૫ | ૧૮૦૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૮૫૮ |
| મરચા સુકા | ૨૨૦૦ | ૫૪૦૦ |
| ધાણી | ૧૬૦૦ | ૨૨૨૨ |
| વરીયાળી | ૯૭૪ | ૨૦૫૦ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૪૦૯ |
| રાય | ૧૦૫૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૯૫૦ | ૨૦૬૧ |
| અશેરીયો | ૧૧૯૧ | ૧૧૯૧ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૬૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૬૯ | ૪૭૩ |
| પપૈયા | ૫૧ | ૧૫૬ |
| બટેટા | ૧૦૧ | ૨૨૦ |
| ડુંગળી સુકી | ૫૫ | ૩૩૧ |
| ટમેટા | ૧૭૩ | ૩૩૧ |
| સુરણ | ૫૫૪ | ૮૨૭ |
| કોથમરી | ૧૫૭ | ૨૬૮ |
| મુળા | ૨૧૮ | ૩૭૩ |
| રીંગણા | ૧૯૩ | ૪૪૬ |
| કોબીજ | ૬૪ | ૧૩૪ |
| ફ્લાવર | ૨૧૭ | ૫૧૫ |
| ભીંડો | ૪૫૯ | ૧૦૧૮ |
| ગુવાર | ૧૧૦૯ | ૧૮૯૩ |
| ચોળાસીંગ | ૫૩૧ | ૧૦૧૫ |
| વાલોળ | ૨૩૩ | ૫૨૮ |
| ટીંડોળા | ૫૯૭ | ૧૧૯૮ |
| દુધી | ૧૫૯ | ૩૬૩ |
| કારેલા | ૬૨૩ | ૯૪૯ |
| સરગવો | ૫૮૯ | ૧૨૦૯ |
| તુરીયા | ૬૬૪ | ૧૧૫૩ |
| પરવર | ૧૬૦૫ | ૨૦૦૪ |
| કાકડી | ૨૩૪ | ૭૬૫ |
| ગાજર | ૧૩૯ | ૨૯૫ |
| વટાણા | ૩૧૧ | ૪૯૮ |
| તુવેરસીંગ | ૩૪૩ | ૫૯૪ |
| ગલકા | ૫૮૯ | ૯૬૮ |
| બીટ | ૬૩ | ૨૨૧ |
| મેથી | ૯૮ | ૨૩૮ |
| વાલ | ૪૩૯ | ૬૬૯ |
| ડુંગળી લીલી | ૨૦૫ | ૩૯૫ |
| આદુ | ૧૦૫૩ | ૧૨૮૯ |
| ચણા લીલા | ૧૦૫ | ૩૨૮ |
| મરચા લીલા | ૪૧૯ | ૭૦૫ |
| હળદર લીલી | ૪૪૩ | ૭૧૮ |
| લસણ લીલું | ૪૩૮ | ૯૨૩ |
| મકાઇ લીલી | ૧૩૮ | ૩૨૫ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કકપાસ | ૧૦૫૧ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૦ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૫૪૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૯૧૧ |
| એરંડા / એરંડી | ૧૧૪૬ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૫૧૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૪૫૭૧ |
| ધાણા | ૯૦૧ | ૨૦૯૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૦ | ૮૬૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૯૯૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૩૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૭૧ |
| તુવેર | ૧૧૩૧ | ૧૭૬૧ |
| રાય | ૮૮૧ | ૯૯૧ |
| મેથી | ૫૦૦ | ૧૦૨૧ |
| કાંગ | ૪૯૧ | ૬૧૧ |
| મરચા | ૧૪૫૧ | ૭૨૦૧ |
| ગુવાર બી | ૭૭૬ | ૯૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૮૧ |
| નવા ધાણા | ૧૦૫૧ | ૨૨૪૧ |
| નવી ધાણી | ૧૧૫૧ | ૨૫૫૧ |
| નવું જીરૂ | ૩૦૦૦ | ૪૯૦૧ |
| નવું લસણ | ૧૦૯૧ | ૨૨૫૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૧૮૫૧ |
| મગફળી ૬૬ | ૧૨૪૧ | ૧૬૮૧ |
| તલ - તલી | ૧૧૦૦ | ૨૦૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૧૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૨૫૬ |
| બાજરો | ૨૦૧ | ૪૭૧ |
| જુવાર | ૫૦૧ | ૧૦૩૧ |
| મકાઇ | ૩૭૧ | ૩૮૧ |
| મગ | ૮૦૧ | ૧૯૦૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૧૬ |
| વાલ | ૩૩૧ | ૧૦૨૬ |
| ચોળા / ચોળી | ૩૩૧ | ૮૯૧ |
| સોયાબીન | ૮૦૦ | ૧૧૦૬ |
| ગોગળી | ૧૧૦૦ | ૧૨૯૧ |
| વટાણા | ૧૦૫૧ | ૧૧૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૬૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| બટેટા | ૮૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૩ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૪૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૬ |
| પાલક પુરા | ૧ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૫૭૦ |
| શીંગ ગીરનાર | ૧૨૭૫ | ૧૬૨૫ |
| શિંગ મોટી | ૧૨૭૦ | ૧૫૭૫ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૫૫ | ૧૯૩૦ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૪૦૦ |
| બાજરો | ૩૩૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૫ |
| અડદ | ૭૦૦ | ૧૧૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૧૫ |
| સફેદ ચણા | ૯૪૦ | ૧૦૦૦ |
| તુવેર | ૮૪૦ | ૧૬૭૦ |
| કપાસ | ૧૦૪૦ | ૧૬૩૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૧૨૦ |
| ધાણી | ૧૪૭૫ | ૨૦૪૦ |
| સોયાબીન | ૯૪૫ | ૧૦૯૫ |
| મરચા લાંબા | ૧૫૧૦ | ૭૦૯૦ |
| વરીયાળી | ૧૪૪૦ | ૧૪૪૦ |
| કાંગ | ૪૮૦ | ૪૮૦ |
| ધાણી નવી | ૧૨૦૦ | ૨૦૩૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| રીંગણા | ૬૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૩૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૯૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૫૦ |
| ટમેટાં | ૧૨૦ | ૩૦૦ |
| સુરણ | ૭૫૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૪૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૯૦૦ | ૯૮૦ |
| ગલકા | ૭૨૦ | ૮૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૦૦ |
| કાકડી | ૫૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૨૫૦ | ૩૦૦ |
| વટાણા | ૩૫૦ | ૪૧૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૩૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલાં | ૯૦૦ | ૧૦૫૦ |
| ભીંડો | ૯૫૦ | ૧૧૩૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૮૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૮૦ |
| મેથીભાજી | ૧૫૦ | ૨૧૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૪૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૫૦ |
| બીટ | ૨૦૦ | ૨૯૦ |
| તુવેર | ૪૦૦ | ૪૫૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૫૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૪૦૦ |
| મરચાં લાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૨૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| લીબુ | ૨૦૦ | ૩૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૫૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૮૦ |
| તલ સફેદ | ૧૬૬૧ | ૨૧૨૦ |
| તલ કાળા | ૨૭૭૫ | ૩૬૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૧૫ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૮૫ |
| બાજરો | ૩૮૦ | ૬૦૭ |
| જુવાર | ૬૦૦ | ૧૧૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૯૩૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૫૬ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૨૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૮૨ |
| કળથી | ૪૦૦ | ૬૦૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૪૦ | ૧૫૦૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ઘઉં | ૪૭૬ | ૫૧૦ |
| તુવેર | ૧૧૪૦ | ૧૪૯૦ |
| ધાણા | ૧૫૧૦ | ૧૫૧૦ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| શીંગ ફાડા | ૧૪૭૦ | ૧૫૭૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૩૨ |
| ઘઉં લોકવન | ૪૭૪ | ૫૨૦ |
| ઘઉ ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| જુવાર | ૧૦૨૦ | ૧૦૨૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૭૨ |
| મગફળી | ૧૦૨૫ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૧૮૦ | ૧૬૨૦ |
| લસણ | ૩૦૦ | ૭૨૦ |
| અડદ | ૭૦૦ | ૭૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૨૫ | ૧૪૮૦ |
| તલ સફેદ | ૧૭૧૭ | ૧૮૧૮ |
| તલ પીળા | ૨૦૫૦ | ૨૦૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| બાજરો | ૩૫૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૬ |
| જુવાર | ૭૨૧ | ૧૧૫૧ |
| મગ | ૮૧૦ | ૧૯૨૦ |
| મઠ | ૯૫૦ | ૧૧૩૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૬૨૫ |
| તુવેર | ૧૨૧૨ | ૧૫૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૨૬૨૬ | ૨૬૨૬ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૦૯ |
| મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| સોયાબીન | ૭૯૧ | ૧૦૫૧ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૬૭૪ |
| કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૧૪૫ | ૧૫૧૫ |
| તલ સફેદ | ૧૬૧૦ | ૧૮૬૦ |
| જીરૂ | ૩૧૧૦ | ૪૩૦૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ચણા | ૯૦૫ | ૧૦૭૫ |
| તુવેર | ૯૨૦ | ૧૪૬૦ |
| ધાણા નવા | ૯૧૫ | ૧૪૫૫ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૮ | ૧૫૯૭ |
| કપાસ સી ગ્રેડ | ૪૩૫ | ૧૧૦૨ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૧૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૯ |
| ચણા | ૭૦૧ | ૧૦૦૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૩૬ |
| તુવેર | ૯૦૧ | ૧૪૮૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૫૨૬ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૭૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૧૧૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૩૧૨ | ૧૪૭૫ |
| શીંગ ૩૯ | ૧૨૫૧ | ૧૪૩૧ |
| શીંગ ૬૬ | ૧૩૩૪ | ૧૬૦૦ |
| શીંગ જી-૨૦ | ૧૪૦૮ | ૧૫૦૭ |
| જુવાર | ૫૫૬ | ૬૩૬ |
| બાજરી | ૩૫૧ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૧ |
| અડદ | ૧૧૨૫ | ૧૪૯૫ |
| મગ | ૮૦૧ | ૨૯૪૦ |
| સોયાબીન | ૯૧૩ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૭૯૩ | ૧૯૪૯ |
| તલ કાળા | ૩૨૩૩ | ૪૨૦૦ |
| તુવેર | ૯૯૯ | ૧૬૪૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૯૪ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૩૪૮ |
| કપાસ શંકર | ૭૯૦ | ૧૫૫૫ |
| નાળીયેર | ૨૦૦ | ૨૩૯૯ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૫૨૭ |
| મગફળી ૩૨ નં. | ૧૧૨૫ | ૧૪૯૨ |
| બાજરો હાઈબ્રીડ | ૩૫૦ | ૬૦૧ |
| ઘઉં | ૪૨૫ | ૫૮૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૭૧૧ |
| જુવાર | ૭૫૦ | ૧૧૨૮ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૬૨૦ |
| ચણા | ૯૧૧ | ૧૦૯૨ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૮૪ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૧૮ |
| કાંગ | ૪૫૦ | ૬૩૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૧૬ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૫૭ |
| ચણા | ૯૬૬ | ૧૦૦૦ |
| સફેદ તલ | ૧૭૪૦ | ૧૭૪૦ |
| તુવેર | ૧૩૬૧ | ૧૪૯૯ |
| એરંડા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ઘઉં | ૪૩૨ | ૪૩૨ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દામનગર શહેરની સરકારી ત્રણ ઈમારતો જર્જરિત હાલતમાં, યોગ્ય નિર્ણય લેવાય તેવી લોકોની માંગ

દામનગર,તા.૦૨



**જિલ્લા સરકારી તંત્ર અને લોક પ્રતિનિધિ ધ્યાન આપે તેવી લોક માંગ**

આઝાદીના સમય પહેલાં ૧૮૮૮-૮૯ના વર્ષમાં ગાયકવાડ સરકારે દામનગરમાં લોકોનાં જરૂરી કામ થાય તે માટે વહીવટદાર કચેરીનું રૂ. ૨૬૦૯૭. (રૂ. છવ્વીસ હજાર સત્તાણુ)માં નિર્માણ કરેલ. બાજુમાં પોલીસ સ્ટેશન અને ગ્રામ પંચાયત કચેરી માટે ઈમારત બનાવેલ. સમય જતાં અન્ય વિસ્તારોમાં આ વિભાગોની કચેરી નવી બનાવાઈ છે. હાલમાં એક માત્ર જર્જરીત રૂમમાં સીટી સર્વેને લગતી કામગીરી શરૂ છે. જાળવણીના અભાવે આ ત્રણેય ઈમારત ભેંકાર ભાસી રહી છે. માર્ગ અને મકાન વિભાગ પેટા વિભાગ-૨, અમરેલી હસ્તકની આ ત્રણેય ઈમારતોમાંથી બારી, બારણા અને લોખંડ જોવા મળતા નથી. લોકોની અવરજવરને કારણે અને પશુઓ માટે કોઈ જોખમ ઉભું થાય તે પહેલાં સ્થાનિક અને જિલ્લા સરકારી તંત્ર તેમજ લોક પ્રતિનિધિ ધ્યાન આપી આ જર્જરિત ત્રણેય ઈમારત માટે યોગ્ય નિર્ણય લે તેવી માંગ થતી રહે છે.

# અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે "વીબી જીરામજી" કાર્યશાળા યોજાઈ

અમરેલી, તા.૦૨



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સંસદમાં પસાર થયેલા "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકાની ગેરેંટી મિશન (ગ્રામીણ)" એટલે કે "વીબી જીરામજી" બિલ અંતર્ગત ગ્રામ્ય શ્રમિકોને સીધો લાભ પહોંચાડવા ભાજપ સજ્જ બન્યું છે. અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીની અધ્યક્ષતામાં કાર્યશાળા યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હીરપરાએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, આ નવી યોજના હેઠળ ગ્રામીણ શ્રમિકોને હવે ૧૦૦ને બદલે ૧૨૫ દિવસની રોજગારીની ગેરંટી આપવામાં આવશે. આ મિશનને છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવા માટે ૧થી ૭ ફેબ્રુઆરી દરમિયાન તાલુકા વાઈઝ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવશે. આ કાર્યશાળામાં જીલ્લાનાં મંડલ પ્રમુખો-મહામંત્રીઓ, સહકારી આગેવાનો તેમજ યોજનાનાં પ્રચાર-પ્રસાર હેતુ નિમણૂંક કરવામાં આવેલ ઈન્ચાર્જ ઉપસ્થિત રહ્યાં હતાં. આ યોજનામાં બાયોમેટ્રિક અને AI જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરી પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# રામપુર-તોરી ગામે સંતો અને દાતાઓનું સન્માન

તોરી, તા.૦૨

વડિયા-મોટી કુંકાવાવના રામપુર-તોરી ગામના રામરોટી આશ્રમ ખાતે સંતો-મહંતો અને દાતાઓનું સન્માન પૂજારી ચતુરભાઈ બોરડ દ્વારા કરવામાં આવેલ. આ તકે ૨૦૨૬ના લઘુકુંભ મહાશિવરાત્રીના મેળામાં અન્નક્ષેત્ર, ઉતારામાં જાહેર આમંત્રણ આપીને ભૂખ્યા લોકોને ભોજન કરાવનારા સેવાભાવી મહેશભાઈ નસીતનું શાલ, સન્માનપત્ર અને કીટ આપીને બહુમાન આઝાદ યુવક મંડળના વિનુભાઈ કોટડિયાએ કર્યું હતું. આ પ્રસંગે ભજન-કીર્તન-ધૂનથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ નિમિત્તે સાધ્વી શાંતિગીરી-કેવડિયા, કિશોરભગત-ધારી ગૌશાળા, અલ્પેશબાપુ-કેશવધામ પીઠડીયા, પ્રકાશબાપુ-ધારેશ્વર મહાદેવ, રતિભાઈ ગેવરીયા, ચંદ્રેશભાઈ વાળા સહિતના મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલના રમાનાથધામમાં ત્રિદિવસીય ૧૨મા પાટોત્સવની ભવ્ય ઉજવણી: ૫૨ ગજની ધજા ચડાવાઈ અને અન્નકૂટ ધરાયો

ગોંડલ,તા.૦૨

ગોંડલ નેશનલ હાઈવે ઉમવાડા ચોકડી પાસે આવેલ રમાનાથધામ મંદિરે આદ્યશક્તિ અંબાજી માતાજી સહિત પંચદેવની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠાની સ્મૃતિમાં યોજાયેલા ત્રિદિવસીય ૧૨મા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આજે મંદિરે ૫૨ ગજની ધજા ચડાવવામાં આવી હતી અને અંબાજી માતાજીને ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો.



પાટોત્સવ નિમિત્તે યોજાયેલા ૧૧ શતચંડી યજ્ઞમાં એક સાથે બીડું હોમવામાં આવ્યું હતું. ત્યારબાદ યજ્ઞશાળામાં આરતી ઉતારી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ અવસરે રમાનાથધામ મંદિરના મુખ્ય દ્વાર, ગાર્ડન, અંબાજી મંદિર અને સ્મૃતિ મંદિરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતા. આ ધાર્મિક મહોત્સવમાં પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, અર્જુનભાઈ ખાટરિયા, નૈમીષભાઈ ધડુક, સાવનભાઈ ધડુક, એ ડિવિઝન પી.આઈ. એલ.આર. ગોહિલ અને જીગરભાઈ સાટોડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાયત્રી કોલેજ લાઠી ખાતે 'રોડ સેફ્ટી' કાર્યક્રમ: વિજેતા વિદ્યાર્થીઓને હેલ્મેટ આપી કરાયા પુરસ્કૃત

લાઠી તા.૦૨

"શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન" ના સૂત્ર સાથે અમરેલી જિલ્લામાં ચાલી રહેલા 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૬' અંતર્ગત લાઠીની ગાયત્રી કોલેજ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. અમરેલી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતાઓને સુરક્ષાના પ્રતિકરૂપે હેલ્મેટ આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. એ.આર.ટી.ઓ. અધિકારીઓએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ટાળવા, સીટ બેલ્ટ બાંધવા, ઓવર સ્પીડિંગ ન કરવા અને લાયસન્સ-વીમો જેવા દસ્તાવેજો સાથે રાખવા જેવી પાયાની બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુવા પેઢીમાં ટ્રાફિક શિસ્ત કેળવવાના હેતુથી આ સુંદર પહેલ કરવામાં આવી હતી.

# જસદણ નગરપાલિકાની સામાન્ય સભામાં વિકાસના કામોનો ધમધમાટ: તમામ ૧૫ એજન્ડા સર્વાનુમતે મંજૂર

જસદણ,તા.૦૨

જસદણ નગરપાલિકા ખાતે પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણીના અધ્યક્ષસ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવેલા તમામ ૧૫ એજન્ડાઓને સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ સામાન્ય સભાની વિશેષતા એ રહી હતી કે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના તમામ સદસ્યોએ જનહિતના કામો માટે એકસૂત્રતા દાખવી હતી. રજૂ કરવામાં આવેલા ૧૫ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કર્યા બાદ, શહેરના પ્રશ્નોના નિરાકરણ અને વિકાસલક્ષી આયોજનોને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નગરપાલિકાના વહીવટ તેમજ વિકાસ કાર્યો અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે આયોજન સમિતિના ચેરમેન પી.વી. ભાયાણી, સદસ્ય બીજલભાઈ ભેંસજાળીયા તથા અન્ય ચુંટાયેલા સભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# છેતરપીંડીના ગૂનામાં બે વર્ષથી નાસતી ઓરિસ્સાની મહિલાને પકડી પાડતી અમરેલી પોલીસ

અમરેલી,તા.૦૨



અમરેલી સીટી પોલીસે છેતરપિંડીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. વર્ષ ૨૦૨૨માં અમરેલી સીટી પોલીસ મથકે 'બાયોરામ બ્યુટીકેર લિમિટેડ' નામની કંપનીમાં રોકાણના નામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂ. ૮,૪૫,૦૦૦ નું રોકાણ કરાવી, ઉંચા વળતર તરીકે રૂ. ૨૯,૭૭,૪૦૦ આપવાનો વાયદો કર્યો હતો. જોકે, વળતર કે રોકાણ પરત ન કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હતી. આ કેસમાં નામદાર કોર્ટ દ્વારા આરોપી વિરુદ્ધ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. પી.આઈ. ડી.કે. વાઘેલાની સૂચનાથી પોલીસ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી મહિલા આરોપીને શોધી કાઢી હતી. પકડાયેલ આરોપી સુનીતાબેન સીતાકાન્ત મહાપાત્રા (રહે. સુપ્રવતક લાઈફ સ્ટાઈલ, બાલેશ્વર, ઓડિશા)ની અમરેલી પોલીસે અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫/૨૦૨૬ — તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. મહેબુબભાઈ ઉમરભાઈ ભટ્ટી
રહે.લીંબડી ચોક,, તળીનાકુ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી
૨. અરજદારના વકીલશ્રી ઝહીર આર. ભટ્ટી, એડવોકેટ

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના ભાઈ દિલાવરભાઈ ઉમરભાઈ ભટ્ટીનો જન્મ તા.૦૩/૦૩/૧૯૬૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ગોંડલના તરકોશી હનુમાનજી મંદિર ખાતે ૧૪મો સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગોંડલ,તા.૦૨




ગોંડલના દેવપરામાં આવેલ તરકોશી હનુમાનજી મહારાજ મંદિર ખાતે ૧૪મો સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે દાતાઓ દ્વારા દીકરીઓને કરિયાવરમાં જીવન જરૂરિયાતની ૧૦૦થી વધુ ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. ૧ ફેબ્રુઆરી, રવિવારના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં સવારે ૯ વાગ્યે જાનનું આગમન થયું હતું. ત્યારબાદ ૯:૩૦ કલાકે શહેરના રાજમાર્ગો પર ડી.જે. સાથે ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો, જે ૧૦:૩૦ કલાકે મંદિર ખાતે પહોંચ્યો હતો. ત્યાં વૈદિક મંત્રોચ્ચાર સાથે લગ્નવિધિ પૂર્ણ કરવામાં આવી હતી અને ત્યારબાદ કચ્છી ભાટીયા વાડી ખાતે ભોજન સમારંભ યોજાયો હતો.

# બગસરામાં વેપારી સાથે રૂ. ૪.૮૮ લાખની છેતરપિંડી: ઓર્ડર આપી બ્લોક થયેલો ચેક પધરાવી બે શખ્સો ફરાર

બગસરા, તા. ૨

અમરેલી જિલ્લાના બગસરામાં વેપારી પાસેથી લાખો રૂપિયાનો સામાન મંગાવી, છેતરપિંડી આચર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતોછે. આરોપીઓએ ખોટી ઓળખ આપી અને બ્લોક થઈ ગયેલા બેંક એકાઉન્ટનો ચેક આપી વેપારી સાથે આશરે પાંચ લાખ રૂપિયાની ઠગાઈ કરી હતી. આ અંગે મિતેશકુમાર મનસુખભાઈ કટેશીયા (ઉ.વ.૨૫) એ જીજ્ઞેશ પટેલ તથા વિજયભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે જીજ્ઞેશ પટેલે વેપારીના મોબાઈલ નંબર પર સંપર્ક કરી વોટ્સએપ મારફતે લોખંડના પાઈપ અને પતરાનો ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ તા. ૦૫/૦૧/૨૦૨૬ના રોજ વિજયભાઈ ટ્રક લઈને ડેપો પર આવ્યો હતો.આરોપીઓએ તેમની પાસેથી લોખંડના પાઈપ - ૨૦ ફૂટના કુલ ૧૬૦ નંગ તથા પતરા ૮૦ નંગ, લેબર વર્ક અને અન્ય ચાર્જ મળી કુલ રકમ: રૂ. ૪,૮૮,૭૦૦ની છેતરપિંડી કરી હતી. માલની ડિલેવરી લીધા બાદ આરોપીઓએ પેમેન્ટ પેટે ઈન્ડસઈન્ડ બેંકનો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક જે એકાઉન્ટનો હતો તે પહેલેથી જ બ્લોક (સીઝ) થઈ ગયેલું હતું. આમ, જીજ્ઞેશ પટેલ અને વિજયભાઈ નામના બંને શખ્સોએ એકબીજાની મદદગારી કરી, જાણીજોઈને નકામો ચેક પધરાવી વેપારી સાથે છેતરપિંડી આચરી હતી. વેપારીને છેતરપિંડીનો અહેસાસ થતા તેમણે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આરોપીઓના મોબાઈલ નંબર અને ટ્રકની વિગતોના આધારે તપાસ તેજ કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી ડી કલસરીયા વધુ તપાસ હાથ ધરી રહ્યા છે.

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૧૮/૨૦૨૬ — તા.૩૧/૦૧/૨૦૨૬

શ્રી દેવાભાઈ એભાભાઈ ભડા
રહે.પ્રેમપરા, ઠે.રામપરા, વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી દેવાભાઈ એભાભાઈ ભડા રહે.પ્રેમપરા, ઠે.રામપરા, વિસાવદર, જી.જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૬ ના રોજ વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પ્રેમપરા, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | | હુકમથી |
|---|---|---|
| સહી. | કોર્ટનો સિક્કો | સહી. |
| (પી.વી. શિંગડીયા) | | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૧૩/૨૦૨૬ — તા.૩૧/૦૧/૨૦૨૬

શ્રી મંજુબેન કાનાભાઈ સાંગાણી વા.ઓ. ધીરૂભાઈ હરિભાઈ દોંગા
રહે.સુરત ઠે. એ-૧૭૩ નારાયણ નગર સોસાયટી, પુણા ગામ,
ચોર્યાસી બોમ્બે માર્કેટ, સુરત-૩૯૫ ૦૧૦ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, મુંડીયા રાવણી, તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મંજુબેન કાનાભાઈ સાંગાણી વા.ઓ. ધીરૂભાઈ હરિભાઈ દોંગા રહે.પુણા ગામ સુરત એ તેમનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ ના રોજ વિસાવદર તાલુકાના મુંડીયા રાવણી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મુંડીયા રાવણી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ાલાટી કમ મંત્રીશ્રી, મુંડીયા રાવણી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | | હુકમથી |
|---|---|---|
| સહી. | કોર્ટનો સિક્કો | સહી. |
| (પી.વી. શિંગડીયા) | | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭/૨૦૨૬ — તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. મહેબુબભાઈ ઉમરભાઈ ભટ્ટી
રહે.લીંબડી ચોક,, તળીનાકુ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી
૨. અરજદારના વકીલશ્રી ઝહીર આર. ભટ્ટી, એડવોકેટ

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મહેબુબભાઈ ઉમરભાઈ ભટ્ટી નો જન્મ તા.૦૫/૦૨/૧૯૫૮ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬/૨૦૨૬ — તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. મહેબુબભાઈ ઉમરભાઈ ભટ્ટી
રહે.લીંબડી ચોક,, તળીનાકુ, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી
૨. અરજદારના વકીલશ્રી ઝહીર આર. ભટ્ટી, એડવોકેટ

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી
સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના ભાઈ દોલુભાઈ ઉમરભાઈ ભટ્ટીનો જન્મ તા.૩૦/૧૨/૧૯૬૦ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# બિહારના ઔરંગાબાદ જિલ્લાની એક જ ગામની પાંચ છોકરીઓએ એકસાથે ઝેર પીધું, ચારના કરૂણ મોત

ઔરંગાબાદ,તા.૨

બિહારના ઔરંગાબાદ જિલ્લામાંથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીંના એક ગામમાં પાંચ છોકરીઓએ કથિત રીતે એકસાથે ઝેર પીધું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહેવાલો અનુસાર, આમાંથી ચાર છોકરીઓના મોત થયા છે, જેના કારણે વ્યાપક ભયનો માહોલ છે. ઘટનાની તપાસ માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા.



આ ઘટના જિલ્લાના હાસપુરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અમઝર શરીફ પંચાયતના સૈયદપુર ગામની છે. પાંચ સગીર છોકરીઓએ એક સાથે ઝેર પીધાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ચાર છોકરીઓના મોત થયા હતા. તેમના મૃત્યુ બાદ પરિવારે તેમના અંતિમ સંસ્કાર એકસાથે કર્યા હતા. જોકે, પોલીસને કોઈ માહિતી મળી નથી. ગ્રામજનોએ આ બાબતમાં કડક ગુપ્તતા જાળવી રાખી છે અને કંઈ કહી રહ્યા નથી. પાંચ સગીર છોકરીઓએ ઝેર પીધું હોવાની સમગ્ર ઘટના ગુરુવારે બની હોવાનું કહેવાય છે. જોકે, મીડિયાને ઘટનાની જાણ થયા બાદ, પોલીસ વહીવટીતંત્ર હરકતમાં આવ્યું, ગામમાં પહોંચીને તપાસ કરી. રવિવારે બપોરે ૨ વાગ્યે, દાઉદનગરના એસડીપીઓ અશોક કુમાર દાસ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

# સુપ્રીમ કોર્ટે ૨૦૨૭ની જાતિ વસ્તી ગણતરી પર પીઆઈએલ ફગાવી, કોર્ટે કેન્દ્રને સૂચનો પર વિચાર કરવાનો આદેશ કર્યો

નવીદિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે ૨૦૨૭ની વસ્તી ગણતરી દરમિયાન નાગરિકોની જાતિ રેકોર્ડ કરવા, વર્ગીકરણ કરવા અને ચકાસણી કરવાની પ્રક્રિયાને પડકારતી જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. જો કે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરના કાર્યાલયને અરજદાર દ્વારા કરવામાં આવેલા સૂચનો પર વિચાર કરવા કહ્યું છે. મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટતા કરી કે જાતિના ડેટાને ઓળખવા માટે કોઈ પૂર્વનિર્ધારિત ડેટા નથી. બેન્ચે કહ્યું કે સમગ્ર વસ્તી ગણતરી પ્રક્રિયા વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૫૮ અને તેના હેઠળ બનાવેલા ૧૯૯૦ના નિયમો દ્વારા સંચાલિત થાય છે, જે સંબંધિત અધિકારીઓને વસ્તી ગણતરી કઈ રીતે અને કયા મુદ્દાઓ પર હાથ ધરવામાં આવશે તે



નક્કી કરવાની સત્તા આપે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેને કોઈ શંકા નથી કે સંબંધિત અધિકારીઓ, વિષય નિષ્ણાતોની મદદથી, એક મજબૂત સિસ્ટમ વિકસાવશે જે કોઈપણ ભૂલની શક્યતાને દૂર કરશે. કોર્ટે એ પણ સ્વીકાર્યું કે અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલા કેટલાક મુદ્દાઓ સંબંધિત છે અને રજિસ્ટ્રાર જનરલ સમક્ષ ઉઠાવવામાં આવ્યા છે. આ અવલોકનો સાથે, સુપ્રીમ કોર્ટે અરજીનો નિકાલ કર્યો અને કેન્દ્ર સરકારને કાનૂની નોટિસ અને અરજીમાં કરવામાં આવેલા સૂચનો પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો. ૨૦૨૭ની વસ્તી ગણતરી દેશની ૧૬મી રાષ્ટ્રીય વસ્તી ગણતરી હશે.

# યુપીમાં ૭મા ધોરણના એક વિદ્યાર્થીએ મોમો ખાવા માટે ૮૫ લાખના દાગીના આપ્યા

(એચ.એસ.એલ),દેવરિયા,તા.૨

ઉત્તર પ્રદેશના દેવરિયાથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. સાતમા ધોરણના એક વિદ્યાર્થીએ, તેના મોમોના વ્યસનથી પ્રેરાઈને, એક મોમો વિક્રેતાને ૮૫ લાખ (આશરે ૧.૮ મિલિયન) ના દાગીના આપી દીધા. જ્યારે મામલો પોલીસ સુધી પહોંચ્યો, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. જોકે, પોલીસે પાછળથી દાગીના ધરાવતા બે મોમો વિક્રેતાઓની અટકાયત કરી. દેવરિયાના રામપુરકરખાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં, ત્રણ યુવાનોએ મોમોઝ ખવડાવવાના બહાને એક છોકરા પાસેથી ધીમે ધીમે લાખોના ઘરેણાં લૂંટી લીધા. જ્યારે પરિવારે કબાટ ખોલ્યો, ત્યારે તેમને ઘટનાની જાણ થઈ. આ ઘટના રામપુર કારખાનાના ભગવાનપુર તિવારી ગામમાં બની. વિમલેશ મિશ્રા વારાણસીના એક મંદિરમાં પૂજારી છે. વિમલેશએ કહ્યું કે તેનો પુત્ર ધોરણ ૭ માં અભ્યાસ કરે છે અને મોમોઝ ખાવાનો શોખીન છે.

# દાહોદથી ઉજ્જૈન જઈ રહેલા પરિવારની દિકરીની છેડતી કર્યા બાદ વિધર્મીઓનો હિચકારો હુમલો

રતલામ,તા.૦૨

દાહોદથી અસ્થિ વિસર્જન માટે ઉજ્જૈન જઈ રહેલા પરિવાર સાથે મેમુ ટ્રેનમાં મારપીટનો મામલો સામે આવ્યો છે. રતલામ સ્ટેશનથી કેટલાક યુવકો ટ્રેનમાં સવાર થયા હતા, જેઓ નાગદા જવાના હોવાનું કહેવાય છે.આરોપ છે કે રતલામથી ખાચરોદ વચ્ચેની યાત્રા દરમિયાન આમાંથી એક મુસ્લિમ યુવકે પરિવારની એક છોકરી સાથે છેડતી



કરવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પરિવારે તેનો વિરોધ કર્યો, ત્યારે વિવાદ શરૂ થયો.પીડિત પરિવારના જણાવ્યા અનુસાર, વિવાદ વધતા ખાચરોદ સ્ટેશનથી મુસ્લિમ સમાજના વધુ લોકોને બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ૫૦થી ૬૦ લોકોએ ટ્રેનમાં ચડીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત આખા પરિવાર સાથે નિર્દયતાથી મારપીટ કરી. પીડિત પરિવાર હજુ પણ ભયભીત છે. બજરંગ દળના નેતાએ કહ્યું કે- બાળકીને વિધર્મીઓએ પકડીને વોશરૂમમાં ખેંચવાની કોશિશ કરી. જ્યારે તેણે બૂમાબૂમ કરી તો પરિવાર દોડીને આવ્યો અને બોલાચાલી થઈ. ત્યારબાદ તેમની સાથે મારપીટ કરવામાં આવી હતી.

# બિહારમાં એક મહિલા દારૂની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ : ૧૧ મહિલાઓની ધરપકડ

(એચ.એસ.એલ),પટણા,તા.૨

બિહારમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, દારૂના તસ્કરો મહિલાઓનો ઉપયોગ કવર તરીકે કરી રહ્યા છે. આ વાત પટણા રેલ્વે પોલીસે જાહેર કરી છે. પોલીસે એક આંતર-જિલ્લા દારૂની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે જેમાં છોકરીઓ અને મહિલાઓનો ઉપયોગ ટ્રેન દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ દારૂ પહોંચાડવા માટે કરવામાં આવતો હતો. દારૂના દાણચોરોએ ટ્રેન કોચ એટેન્ડન્ટ્સને પણ તેમની ગતિવિધિઓમાં સામેલ કર્યા હતા. પટણા રેલ્વે પોલીસે ગેંગના કુલ ૧૪ સભ્યોની ધરપકડ કરી છે, જેમાં ૧૧ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. હકીકતમાં, આ લોકોને પટણાના પાટલીપુત્ર સ્ટેશન પર સીમાંચલ એક્સપ્રેસમાંથી પકડવામાં આવ્યા હતા. સીમાંચલ એક્સપ્રેસ કોચ એટેન્ડન્ટ, નિખિલ કુમાર ઉપરાંત, તે જ ટ્રેનમાં સવાર ૧૧ મહિલાઓ અને ૩ પુરુષ તસ્કરોની ધરપકડ કરવામાં આવી.

# કોલકાતામાં બે જૂથો વચ્ચે થયેલી અથડામણ દરમિયાન બોમ્બ અને ગોળીબાર કરવામાં આવ્યો

(એચ.એસ.એલ),કોલકતા,તા.૨

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં એક પોશ વિસ્તાર ગોલપાર્ક રવિવારે રાત્રે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો. રવિન્દ્ર સરોવર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા કંકુલિયા રોડ પર બે જૂથો વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, જેના પરિણામે કાચા બોમ્બ ફેંકાયા હતા અને ગોળીબાર



થયો હતો. હિંસામાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે સોમવારે કાર્યવાહી કરી હતી અને અત્યાર સુધીમાં ૧૦ લોકોની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રવિવારે રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી. અન્ય વિસ્તારના યુવાનોનું એક જૂથ કંકુલિયા રોડ પર ઘૂસી ગયું હોવાના અહેવાલ છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ સાથે ઉગ્ર દલીલ થઈ હતી. આ ઝઘડો ઝડપથી હિંસક ઝઘડામાં પરિણમ્યો હતો, જેના કારણે બંને પક્ષો તરફથી પથ્થરમારો થયો હતો. બદમાશોએ વિસ્તારમાં આતંક ફેલાવવા માટે કાચા બોમ્બનો ઉપયોગ કર્યો હતો.

# નીટ વિદ્યાર્થીના મૃત્યુ પર આક્રોશ : સંસદની બહાર રાજદ સાંસદોનો વિરોધ, વિધાનસભામાં ધારાસભ્યોનો ગુસ્સો

પટણા,તા.૨

નીટ વિદ્યાર્થી હત્યા કેસ રસ્તાઓથી સંસદ સુધી પહોંચ્યો છે. સોમવારે, લોકસભા અને વિધાનસભામાં રાષ્ટ્રીય જનતા દળના સાંસદો અને ધારાસભ્યોએ આ મામલે રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકાર પર આકરા પ્રહારો કર્યા. આરજેડીના સાંસદો લોકસભાની બહાર બેનરો અને પોસ્ટરો લઈને વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા.



સાંસદોએ કહ્યું કે પીએમ મોદી અને સીએમ નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની સરકાર જનતાને છેતરી રહી છે. બિહારમાં દીકરીઓ સુરક્ષિત નથી. તેઓ બળાત્કારીઓ પાસેથી દાન વસૂલ કરી રહ્યા છે.નીટ વિદ્યાર્થી હત્યા કેસ વણઉકેલાયેલ રહ્યો છે. પોતાને બચાવવા માટે, સરકારે તપાસ સીબીઆઈને સોંપી દીધી છે. સાંસદ મીસા ભારતીએ કહ્યું, "અમે નીટ વિદ્યાર્થી માટે ન્યાયની માંગ કરી છે. આ સરકાર બિહારના લોકો સાથે અન્યાય કરી રહી છે. તેમને મહિલાઓ પ્રત્યે આટલી નફરત કેમ છે? તેમણે આનો જવાબ આપવો પડશે." રાજદ ધારાસભ્ય ભાઈ વીરેન્દ્રએ કહ્યું કે બજેટ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. ૩ ફેબ્રુઆરીથી પ્રશ્નકાળ શરૂ થશે.

# બેંગલુરુમાં ૬૫ વર્ષીય વૃધ્ધા પર બળાત્કાર અને હત્યા કરવામાં આવતા ખળભળાટ

(એચ.એસ.એલ),બેંગલુરુ,તા.૨

બેંગલુરુના સેકન્ડ સ્ટેજ, બીટીએમ લેઆઉટ, કેએએસ કોલોનીમાં ૬૫ વર્ષીય મહિલા પર તેના ઘરમાં કથિત રીતે બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ - એક ઘરકામ કરનાર - પાછળથી તે જ ઘરની અંદરના રૂમમાં લટકતી



હાલતમાં મળી આવી હતી. મહિલાની ઓળખ ૬૫ વર્ષીય સવિતા શંકર તરીકે થઈ છે. આરોપી, ૫૦ વર્ષીય દેવરાજુ, તમિલનાડુના હોસુરનો રહેવાસી છે, અને તેમના ઘરે ઘરકામ કરતો હતો. પોલીસે જણાવ્યું હતું કે શનિવારે મધ્યરાત્રિની આસપાસ આ ગુનો બન્યો હતો અને રવિવારે સવારે ૪:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે સરિતાનો પતિ દુબઈથી ઘરે પાછો ફર્યો ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી.

# યોગી સરકારે ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના પગાર રોક્યા

(એચ.એસ.એલ),લખનૌ,તા.૨

ઉત્તર પ્રદેશથી મોટા સમાચાર સામે આવ્યા છે. યોગી સરકારે ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના પગાર રોકી દીધા છે. આ નિર્ણયથી રાજ્ય કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે. રોકી રાખવા પાછળનું કારણ પણ બહાર આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના જાન્યુઆરી ૨૦૨૬ના પગાર રોકવામાં આવ્યા છે. રોકવાનું કારણ એ છે કે આ કર્મચારીઓએ તેમની સંપત્તિની વિગતો આપી નથી. ઉત્તર પ્રદેશમાં ૮૬૬,૨૬૧ રાજ્ય કર્મચારીઓ છે. યોગી સરકારે રાજ્યના તમામ કર્મચારીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં તેમની સ્થાવર અને જંગમ સંપત્તિની વિગતો આપવાનો આદેશ આપ્યો હતો. કર્મચારીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં માનવ સંવિધ પોર્ટલ પર આ વિગતો અપલોડ કરવાની ફરજ પાડવામાં આવી હતી.

# અજિત પવારના અંતિમ સંસ્કારમાં ચેઈન સ્નેચરોની તોડફોડ, ૨૫ થી ૩૦ લાખના દાગીના ચોરી લીધા

મુંબઈ,તા.૨

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને એનસીપી વડા અજિત પવારનું તાજેતરમાં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. તેમના મૃત્યુ પર આખું રાજ્ય શોકમાં ડૂબી ગયું હતું. અજિત પવારના અંતિમ સંસ્કારમાં મોટી ભીડ હાજર રહી હતી. જોકે, ચેઈન સ્નેચરોએ આ તકનો લાભ ઉઠાવ્યો અને ૧૫ લોકોના ઘરેણાં ચોરી લીધા. અંતિમ



સંસ્કાર દરમિયાન સોનાની ચેઈન ચોરીની આઘાતજનક ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે.૨૮ જાન્યુઆરીના રોજ, રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં દુઃખદ અવસાન થયું. તેમના પાર્થિવ દેહનો બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો. અંતિમ સંસ્કાર માટે મહારાષ્ટ્રભરમાંથી લાખો લોકો બારામતી ઉમટી પડ્યા હતા અને આખું શહેર શોકમાં ડૂબી ગયું હતું.

# ઈન્ડોનેશિયામાં લગ્ન પૂર્વે યુવક-યુવતીએ જાહેરમાં સેક્સ માણતા શરિયા પોલીસે જાહેરમાં ૭૬-૭૬ વખત કોરડા માર્યા

ઈન્ડોનેશિયા,તા.૨

ઈન્ડોનેશિયામાં એક અપરિણીત યુગલે એક પાર્કમાં ખુલ્લેઆમ સેક્સ કર્યું, જેને ત્યાં હાજર અન્ય લોકોએ જોયું. એવો આરોપ છે કે છોકરા અને છોકરીએ લગ્ન કર્યા વિના પાર્કમાં લાંબા સમય સુધી ખુલ્લેઆમ સેક્સ કર્યું જ નહીં, પણ દારૂ પણ પીધો. આ ઘટના ઈન્ડોનેશિયાના આચેહ પ્રાંતમાં બની હતી, જ્યાં શરિયા પોલીસે દંપતીને



ગેરકાયદેસર સેક્સ (લગ્ન બહાર સેક્સ) અને દારૂ પીવા બદલ ૧૪૦-૧૪૦ કોરડા માર્યા હતા. છોકરી બેભાન થઈ ગઈ હતી અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ધ ઈન્ડિપેન્ડન્ટ ન્યૂઝ અનુસાર, ઈન્ડોનેશિયન પોલીસે દંપતીને શરિયા કાયદા હેઠળ સજા ફટકારી હતી. આચેહ પ્રાંતે ઈસ્લામિક કાયદો અપનાવ્યા પછી આ સજા સૌથી કઠોર માનવામાં આવે છે. વિશ્વના સૌથી મોટા મુસ્લિમ બહુમતી ધરાવતા દેશમાં આચેહ એકમાત્ર એવી જગ્યા છે જ્યાં શરિયા કાયદો લાગુ કરવામાં આવે છે. અહીં અપરિણીત યુગલો વચ્ચે જાતીય સંબંધો પર સખત પ્રતિબંધ છે.અહેવાલો અનુસાર, એક જાહેર ઉદ્યાનમાં ડઝનેક લોકોની સામે દંપતીને પીઠ પર રતન લાકડીથી મારવામાં આવ્યો હતો.

# અમેરિકા સાથેના તણાવ વચ્ચે, ચીન અને ભારત વચ્ચે સીધી વિમાની સેવા શરૂ

(એચ.એસ.એલ),બેઈજિંગ

અમેરિકા સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, ભારત અને ચીન માટે નવી શરૂઆત શરૂ થઈ છે. એર ઈન્ડિયાએ દિલ્હી અને શાંઘાઈ વચ્ચે સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરી, લગભગ છ વર્ષના અંતરાલ પછી બંને શહેરો વચ્ચે ફ્લાઈટ્સ ફરી શરૂ કરી. શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા જારી કરાયેલા એક પ્રકાશન મુજબ, નવી દિલ્હીથી




શાંઘાઈ પુડોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધીની ફ્લાઈટ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન દ્વારા ચલાવવામાં આવી હતી. આ ફ્લાઈટમાં ૨૩૦ થી વધુ મુસાફરો સવાર હતા. એર ઈન્ડિયાની આ ફ્લાઈટ સેવા ફરી શરૂ થવાથી ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય હવાઈ જોડાણને સામાન્ય બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૦ની શરૂઆતમાં ભારત અને ચીન વચ્ચેની બધી ફ્લાઈટ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. ત્યારબાદ, પૂર્વી લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા લશ્કરી અવરોધને કારણે આ સેવાઓ ફરી શરૂ કરવામાં આવી ન હતી.

# રાજયના આઠ જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની હવામાન વિભાગે કરી આગાહી

અમદાવાદ,તા.૦૨



ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનમાં વધઘટ જોવા મળી રહી છે. આજે બીજી ફેબ્રુઆરીના રોજ સવારથી ગુજરાતના કેટલાક વિસ્તારોના હવામાનમાં પલટો આવ્યો છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડ્યો હતો. હવામાન વિભાગે આજની લેટેસ્ટ આગાહીમાં ગુજરાતના આઠ જિલ્લામાં વરસાદ પડવાની આગાહી આપી છે. તો બીજી બાજુ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તેમ પણ જણાવવામાં આવ્યું છે.હવામાન વિભાગના, અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ.કે. દાસે આજે ગુજરાતના હવામાન અંગેની આગાહી આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ભેજ અને પવનની દિશાને કારણે ઠંડી ઓછી થઈ છે. આ સાથે તેમણે આજે વરસાદની આગાહી આપતા જણાવ્યું છે કે, વડોદરા, ભરૂચ, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં હળવો વરસાદ થવાની શક્યતા છે. આ સાથે આજે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગરમાં તો યલો એલર્ટ આપી છે. આ ચાર જિલ્લામાં વીજળી અને કડાકાભડાકા થવાની પણ આગાહી આપી છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. ગુજરાતમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# કોડીનાર-સુત્રાપાડા પંથકમાં કુદરતનો કહેર: ફેબ્રુઆરીમાં કમોસમી વરસાદથી ઘઉં સહિતના પાકોને ભારે નુકસાન

કોડીનાર, તા.૦૨

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર અને સુત્રાપાડા પંથકમાં સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવતા ફેબ્રુઆરી મહિનામાં અષાઢી માહોલ સર્જાયો હતો. કમોસમી વરસાદ અને પવનના કારણે ખેતરોમાં લહેરાતો ઘઉંનો ઉભો પાક જમીનદોસ્ત થઈ જતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. કોડીનાર તાલુકાના સિંધાજ, ફાચરિયા, અરણેજ, આણંદપુર, ઘાંટવડ, ગીરદેવળી, નવાગામ અને પેઢાવાડા તેમજ સુત્રાપાડા તાલુકાના મોરડીયા અને પ્રાસલી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કાળા ડિબાંગ વાદળો સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. જેના કારણે તૈયાર થવાની અણી પર રહેલો રવિ પાક, ખાસ કરીને ઘઉંનો પાક પવનના કારણે ઢળી પડ્યો છે. આનાથી ઘઉંના દાણા કાળા પડવાની અને ઉત્પાદન ઘટવાની શક્યતાઓ છે. આ ઉપરાંત ચણા અને જીરાના પાકને પણ નુકસાનની ભીતિ


તસવીર : કુલદીપ પાઠક

સેવાઈ રહી છે. બીજી તરફ, કેસર કેરીના ગઢ ગણાતા આ વિસ્તારમાં આંબા પર આવેલા મોર (ફૂલ) ખરી પડવાની અને વાદળછાયા વાતાવરણથી તેમાં જીવાત પડવાની શક્યતા વધતા કેરી પકવતા ખેડૂતો પણ ચિંતાતુર બન્યા છે. ખુલ્લા ખેતરોમાં રાખેલું ઘાસચારો અને શાકભાજી પણ માવઠાની ઝપેટમાં આવી ગયા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, મોંઘા ભાવના બિયારણ અને ખાતર નાખીને તૈયાર કરેલો પાક લણણીના સમયે જ કુદરતી આફતનો ભોગ બનતા તેમનો આર્થિક કોળિયો છીનવાઈ ગયો હોય તેવો ઘાટ સર્જાયો છે.

# રાજયમાં આ મહિને ઠંડીમાં વધઘટ જોવા મળશે, કૃષિ પાક પર હિમ પડવાની શક્યતા

અમદાવાદ,તા. ૨



ફેબ્રુઆરીએ દેશભરમાં હવામાન ફરી એકવાર બદલાવાની તૈયારીમાં છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, બે પશ્ચિમી વિક્ષોભ એક પછી એક સક્રિય થઈ રહ્યા છે, જેના કારણે ઉત્તર ભારતથી પર્વતીય વિસ્તારો સુધી હવામાન પ્રભાવિત થશે. બરફવર્ષા, વરસાદ અને ગાઢ ધુમ્મસ સામાન્ય જનજીવનને અસર કરી શકે છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી આપતા જણાવ્યું છે કે, એક બાદ એક પશ્ચિમી વિક્ષોભ આવતા ઠંડીમાં વધઘટ રહેશે. ફેબ્રુઆરી માસમાં ધીરે ધીરે દિવસનું તાપમાન વધવાની શક્યતા રહેશે પરંતુ રાતમાં લઘુત્તમ તાપમાન ઘટી જઈ શકે છે. જેના કારણે કૃષિ પાક પર હિમ પડવાની શક્યતા છે.

# જૂનાગઢના અશ્વોમાં અતિજોખમી 'ગ્લેન્ડર્સ'ના લક્ષણો દેખાતા પશુપાલન વિભાગ સતર્ક

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા. ૨

પશુપાલન જગતમાં અત્યારે ફફડાટ વ્યાપી ગયો છે. જૂનાગઢ શહેરમાં અશ્વોમાં અતિ જોખમી ગણાતો 'ગ્લેન્ડર્સ' રોગ જોવા મળતા પશુપાલન વિભાગ હરકતમાં આવ્યું છે. જૂનાગઢમાં એક અશ્વમાં ગ્લેન્ડર્સ રોગના શંકાસ્પદ લક્ષણો જણાતા પશુપાલન વિભાગના તબીબો દ્વારા તેના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને પરીક્ષણ માટે હરિયાણાના હિસાર સ્થિત વાયરોલોજી લેબમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં ટેસ્ટનું પરિણામ પોઝિટિવ આવતા તંત્ર દ્વારા તાત્કાલિક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.




તબીબોના જણાવ્યા મુજબ, ગ્લેન્ડર્સ એક 'ઝૂનોટિક' રોગ છે. તેનો અર્થ એ છે કે આ રોગ પશુઓમાંથી મનુષ્યોમાં પણ ફેલાઈ શકે છે. જો કોઈ વ્યક્તિ આ રોગગ્રસ્ત પશુના સંપર્કમાં આવે, તો તેને પણ સંક્રમણ લાગી શકે છે, જે ખૂબ જ જોખમી સાબિત થાય છે.

પશુપાલન વિભાગે અશ્વ માલિકોને અપીલ કરી છે કે, જો તેમના અશ્વમાં નાકમાંથી પ્રવાહી નીકળવું, શરીરે ગાંઠો થવી કે શ્વાસ લેવામાં તકલીફ જેવા કોઈ પણ લક્ષણો જણાય, તો તાત્કાલિક સરકારી પશુ ચિકિત્સકનો સંપર્ક કરવો. સાવચેતી જ આ રોગ સામે બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

# ભાવનગરમાંથી સેન્ટીંગના સામાનની આડમાં લવાતો વિદેશી દારૂ ઝડપાયો

(એચ.એસ.એલ),ભાવનગર,તા. ૨



શહેરના છેવાડે આવેલા નારી ચોકડી પાસે પેરોલ ફર્લો સ્ક્વૉડની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન એક આઈસર ટ્રકને ઝડપીને તપાસ કરતા તેમાંથી દારૂનો મસમોટો જથ્થો ઝડપાયો હતો. આ સાથે પોલીસે બે શખ્સોને પણ ઝડપી લીધા છે. જ્યારે કુલ નવ જેટલા શખ્સો સામે વરતેજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

પેરોલ ફર્લો સ્ક્વૉડ ટીમ દ્વારા ધોલેરા તરફથી આવી રહેલા આઈસર ટ્રકના ચાલકને ઉભો રાખીને તેની પુછપરછ કરી ટ્રકની તપાસ કરતા તેમાંથી કુલ ૧૯,૪૪,૩૩૬ રૂપિયાનો દારૂ મળી આવ્યો હતો. જેથી ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસર કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં વંદે ભારત ટ્રેનની હડફેટે ત્રણ યુવાનો આવ્યા, બેના કરૂણ મોત

રાજકોટ,તા.૦૨



રાજકોટમાં સોમવારે બપોરના સમયે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનની હડફેટે ત્રણ વ્યક્તિઓ આવી ગયા હતાં. ભક્તિનગર અને રિબડા રેલવે સ્ટેશન વચ્ચે આવેલા માલધારી ફાટક નજીક આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે અને એકને ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયાં હતાં.એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ છે. જયારે સંદીપભાઈ (૨૩ વર્ષ)નું હોસ્પિટલમાં મોત નિપજયુ હતુ. જયારે ઈજાગ્રસ્ત કપિલભાઈ પટેલ (૧૯ વર્ષ)ના મત મુજબ ટ્રેન આવતી હોય તેવી રીલ અને સેલ્ફી લેવામાં આ ઘટના ઘટી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ત્રણેય પરપ્રાંતીય યુવાનો કારખાનામાં મજૂરી કામ કરતા હતાં. સમગ્ર મામલે રેલવે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ખંભાળીયા ગામે એકતરફી પ્રેમ પ્રકરણમાં યુવાનની નિર્મમ હત્યા

(એચ.એસ.એલ),દ્વારકા,તા. ૨

ખંભાળિયાના રામનગર ગામમાં ૨૫ વર્ષીય જસવંતભાઈ અશ્વિનભાઈ ચોપડાની હત્યાની ઘટના સામે આવી છે. આ યુવાનની લોખંડના સળિયા અને બોથડ પદાર્થના ઘા ઝીંકીને હત્યા થયાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. હત્યાના બનાવને લઈ જિલ્લા પોલીસ વડા તેમજ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ યુવાનની હત્યા એકતરફી પ્રેમ પ્રકરણમાં થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ નિર્મમ હત્યાની




પ્રાથમિક તપાસમાં શંકાઓ સામે આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે કે, પ્રેમ પ્રકરણ અથવા કોઈ છોકરીના વિવાદને લઈને હત્યા કરવામાં આવી હોઈ શકે છે. આ હત્યામાં બે મહિલા આરોપી સામેલ હોવાનું પણ સામે આવ્યું છે. તે ઉપરાંત આ હત્યામાં નજીકના કુટુંબીજનો અથવા સંબંધીઓની સંડોવણી પણ હોઈ શકે છે. એસપીના માર્ગદર્શન હેઠળ પોલીસે તમામ એંગલથી તપાસ હાથ ધરી છે.




# ડ્રગ્સ પેડલર સાથે સબંધો રાખનાર વડોદરા એસઓજીના એએસઆઈની ધરપકડ

(એચ.એસ.એલ),વડોદરા,તા. ૨



સંસ્કારી નગરી વડોદરામાં ખાખીને દાગ લગાડતો કિસ્સો સામે આવ્યો છે. શહેર એસઓજી બ્રાન્ચમાં ફરજ બજાવતા એએસઆઈ લક્ષ્મીકાંત દેસાઈની ડ્રગ્સ પેડલર સાથેની સંડોવણી બદલ સત્તાવાર રીતે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વડોદરા રેલવે સ્ટેશન પરથી ઝડપાયેલા ૪૮ લાખના હેરોઈન કેસમાં સંડોવણી ખુલ્યા બાદ કોર્ટે આરોપી એએસઆઈના ૫ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ગત ૯ જાન્યુઆરીના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલે વડોદરા રેલવે સ્ટેશન પરથી આશરે ૨૪૦ ગ્રામ હેરોઈન સાથે ડ્રગ પેડલર અમરીકસિંઘ ઉર્ફે સોનુ મલ્હીની ધરપકડ કરી હતી. આ કેસની તપાસ દરમિયાન આરોપીના મોબાઈલ ડેટા અને કોલ ડિટેઈલ્સમાંથી ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

# જૂનાગઢની સેશન્સ કોર્ટમાં બોમ્બની ધમકીથી પોલીસ વિભાગમાં દોડધામ

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા. ૨

જૂનાગઢ શહેરની સુરક્ષાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરની જિલ્લા અને સેશન્સ કોર્ટમાં બોમ્બની ધમકી મળ્યા બાદ સમગ્ર વહીવટીતંત્ર અને પોલીસમાં દોડધામ મચી ગઈ છે. કોર્ટના સત્તાવાર ઈમેલ એડ્રેસ પર એક ઈમેલ મળ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે બપોરે ૨:૧૦ વાગ્યે કોર્ટમાં ત્રણ બોમ્બ ફૂટશે. ઈમેલ મળતાં જ કોર્ટના અધિકારીઓએ તાત્કાલિક પોલીસ વિભાગને જાણ કરી હતી, જેના કારણે વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. કોર્ટ પરિસરમાં ભયનું વાતાવરણ છે. ધમકીભર્યા મેઈલની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, જૂનાગઢ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક કોર્ટ પરિસરમાં પહોંચી ગઈ. સાવચેતીના પગલા તરીકે, પોલીસે સમગ્ર કોર્ટ બિલ્ડીંગને ખાલી કરાવવાની કામગીરી શરૂ કરી. વકીલો, અસીલો અને કોર્ટ સ્ટાફને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની સૂચના આપવામાં આવી.







